# જૈન શિક્ષાવલી



લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

## સફલતાનાં સૂત્રો

શ્રેણી પહેલી
૧૨

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્‌ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

---

નોંધઃ–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ બારમું

# સફલતાનાં સૂત્રો

★

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ-૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૫૦૦

સં. ૨૦૧૫ સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-

મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# બે બોલ

જૈન શિક્ષાવલીની યોજના કેટલાક વખત પહેલાં મારા મનમાં સ્ફુરી હતી; પણ તેનાં પ્રકાશન અંગે શું કરવું તેની સ્પષ્ટતા થતી ન હતી. એવામાં અમદાવાદ જવાનું થયું અને ત્યાં પ. પૂ. પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજનાં દર્શન કર્યા પછી તેમનાં વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય **મુનિરાજશ્રી ભાનુવિજયજી** મહારાજને મળવાનો સુયોગ સાંપડયો. ત્યાં પ્રાસંગિક વાર્તાલાપ ઉપરાંત સાહિત્યસર્જન અને સાહિત્યપ્રચારની વાત નીકળતાં મેં જૈન શિક્ષાવલીની યોજના તેમની સમક્ષ રજૂ કરી. તેનું સામાન્ય સ્વરૂપ જાણ્યા પછી તેઓશ્રીએ કહ્યું કે 'આ યોજના તો જરૂર અમલમાં મૂકવા જેવી છે. તમે મન પર લેશો તો બધું થઈ રહેશે.' એટલે મારો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો અને તેનાં પ્રકાશનની વ્યવસ્થા પણ મારે જ કરવી એવો નિર્ણય થયો. પરિણામે મુંબાઈમાં જૈન સાહિત્ય–પ્રકાશન–મંદિર સ્થપાયું અને જૈન શિક્ષાવલીના અગાઉથી ગ્રાહકો નોંધવાનું શરુ થયું. આ કાર્યમાં પણ તેઓશ્રીએ સારી મદદ કરી. અમદાવાદ દશાપોરવાડ સોસાયટીમાં રહેતા ભાઈઓને ખાસ પ્રેરણા કરી તેના ૧૧૮ જેટલા ગુચ્છો નોંધાવી આપ્યા. ઉપરાંત પુસ્તકનાં લખાણો તૈયાર થતાં તેઓશ્રીએ પોતાના કિંમતી સમયનો ભોગ આપી તેને જોઈ આપ્યાં. આ રીતે પ્રારંભથી પ્રકાશન સુધી દરેક જાતનો સહકાર આપવા માટે હું તેઓશ્રીનો ખાસ આભારી છું.

બીજા પણ એક શાંત સેવાભાવી મુનિરાજે આ યોજના બહાર પડી ત્યારથી તેનો પ્રચાર કરવામાં ઘણો રસ લીધો છે અને મારા ઉત્સાહમાં ખૂબ વૃદ્ધિ કરી છે, તેમનો પણ ખાસ આભાર માનું છું.

જૈન સમાજે મારાં લખાણો પ્રત્યે ચાહના દર્શાવી પુસ્તકો બહાર પડતાં પહેલાં જ ૨૦૦૦ ગુચ્છો પૈકી ૧૫૦૦ જેટલા ગુચ્છોની નોંધણી કરાવી દીધી, એટલે તેનો તો હું ખૂબ જ આભારી છું. આ યોજનાને સારો સુંદર સહકાર મળવાથી જૈન શિક્ષાવલીની યોજનાને મેં આગળ ધપાવવાનો નિર્ણય કર્યો છે. તે અનુસાર બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો સં. ૨૦૧૬ નાં માહ માસમાં બહાર પડશે. તેનાં નામો વગેરે પુસ્તકોનાં પૂંઠાં પર જોઈ શકાશે.

સહુ સમજી શકે તેવી સરલ ભાષામાં, રોચક શૈલિએ નાનાં નાનાં પુસ્તકો પ્રકટ કરવા અને તેના પ્રચાર દ્વારા જૈન સિદ્ધાંત તથા જૈન આચાર પ્રત્યે આકર્ષણ ઊભું કરવું, એ આદર્શ મારી સામે સદા ઊભો રહ્યો છે અને આ શિક્ષાવલીનાં પ્રકાશનમાં પણ તે બરાબર ઊભો રહેશે, તેની હું સર્વ સાહિત્યપ્રેમીઓને ખાતરી આપું છું.

જૈન સમાજ મારાં આ સાહસને વધાવી લઈ ઉત્તરોત્તર વિશેષ સહકાર આપે અને એ રીતે જૈન-શાસનનું ગૌરવ વધારવામાં મદદ કરે એ જ ઉત્કટ અભિલાષા.

સં: ૨૦૧૫, પોષ વદિ ૬ } સંઘસેવક
તા. ૩૦-૧-૫૯ } ધીરજલાલ ટોકરશી શાહ

# પ્રકાશકનું વિશેષ નિવેદન

આ પ્રકાશનમાં અગાઉથી સારી સંખ્યામાં ગ્રાહક થઈ અમને ઉત્તેજન આપનાર કેટલાક ભાઈઓનો અમે પ્રથમ નિવેદનમાં આભાર માન્યો છે. તે ઉપરાંત નીચેના ભાઈઓએ અગાઉથી નીચે પ્રમાણે ગુચ્છો ( બાર પુસ્તકનું એક ગુચ્છ ) નોંધાવી અમારાં કાર્યને પ્રોત્સાહન આપ્યું છે, તે માટે અમો તેમનો ખાસ આભાર માનીએ છીએઃ—

૧૦૦ ગુચ્છ દશા પોરવાડ જૈન સોસાયટી—અમદાવાદ.
૧૦૦ ગુચ્છ શા. પ્રેમચંદ વ્રજલાલ શાહ—જામનગર.
૧૦૦ ગુચ્છ શા. નરશી તથા શવજી લાલજી—જામનગર.
૨૫ ગુચ્છ શા. રાયશી પૂંજાભાઈ પત્તાણી—જામનગર.
૨૫ ગુચ્છ શા. ગુલાબચંદ પોપટલાલ (પારેખ) કું. જામનગર
૨૫ ગુચ્છ શેઠ. મેઘજી વીરપાલ દબાસંગવાળા—જામનગર.
૨૫ ગુચ્છ શા. શાંતિલાલ દેવશીભાઈ દાંતાવાળા—જામનગર.
૨૫ ગુચ્છ શાહ વાડીલાલ મનસુખરામ
( બાટલી બૉય કંપનીવાળા )–મુંબઈ.

બીજા પણ જે ભાઈઓએ અગાઉથી અમુક ગુચ્છો નોંધાવ્યા છે, તેમનો વ્યક્તિગત જૂદો આભાર માનવાનું શક્ય નહિ હોવાથી સમૂહગત આભાર માનીએ છીએ.

આ પુસ્તકો ખૂબ ઝડપથી છાપી આપી જનતાને આપેલું વચન પાળવામાં સહાયભૂત થવા માટે અમો નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસના માલીક શ્રી મણિલાલ છગનલાલ શાહના પણ ખાસ આભારી છીએ.

પ્રકાશક.

# વિષયાનુક્રમ

૧ ઉપક્રમ.
૨ નિર્માલ્યતાને ખંખેરી ખડા થાઓ.
૩ તમે અનંત શક્તિના સ્વામી છો.
૪ ઇચ્છાને વ્યવહારની વચ્ચે લાવશો
૫ મનુષ્યજન્મનું ફળ પુરુષાર્થથી જ પામી
૬ નસીબવાદી થશો તો નાશ નોતરશો.
૭ નિયતિવાદ નિકૃષ્ટ છે.
૮ કામ વિચારીને કરવું.
૯ યોજના આવશ્યક છે.
૧૦ ફલ માટે અધીરા થશો નહિ.
૧૧ મિત્રો વધારો.
૧૨ હાથ ધરેલાં કામમાં પૂરી શક્તિ રેડો.
૧૩ વિઘ્નોથી ડરો નહિ.

॥ ૐ હ્રીં અર્હં નમઃ ॥

# સફલતાનાં સૂત્રો

## ૧–ઉપક્રમ

જીવનનાં કોઈ પણ ક્ષેત્રમાં ઝળકતી ફત્તેહ મેળવી યશકીર્તિના અધિકારી થવું, તેને વ્યાવહારિક દૃષ્ટિએ સફલતા કહેવાય છે. આવી સફલતા જે સૂત્રો, સિદ્ધાંતો કે વિચારો અપનાવવાથી પ્રાપ્ત થઈ શકે છે, તેનું નિરૂપણ પ્રસ્તુત નિબંધમાં કરીશું.

## ૨–નિર્માલ્યતાને ખંખેરીને ઊભા થાઓ

કોઈ ઓરડાને સ્વચ્છ અને સુંદર બનાવવો હોય તો પ્રથમ તેનું સંમાર્જન કરવું પડે છે અને તેમાં જે કચરો પડ્યો હોય તે દૂર કરવો પડે છે, તેમ કોઈ મનુષ્યને આગળ વધવું હોય, પ્રગતિ સાધવી હોય, જીવનમાં ઝળકતી ફત્તેહ મેળવી સફલતાના સ્વામી થવું હોય, તેણે પ્રથમ પોતાના મનોમંદિરમાંથી નિર્માલ્યતારૂપી કચરો દૂર કરવો જોઈએ. 'હું શું કરી શકું? મારાથી કંઈ થઈ શકે એમ નથી.' 'હું ગરીબ છું.' 'હું અનાથ છું.' 'હું સાધન-હીન છું.' વગેરે વિચારો કરી પામરતામાં સબડવું એ નિર્માલ્યતા છે. આવા વિચારોનું સેવન કરનાર કદી પણ જીવનમાં આગળ વધી શકતો નથી. અહીં એમ

વિચારવું ઘટે કે ' બીજાઓ ધાર્યું કામ કરી શકે છે, તો હું ધાર્યું કામ કેમ કરી ન શકું ? એ પણ માણસો છે ને હું પણ માણસ છું. એમને પણ બે હાથ અને બે પગ છે, તો મારે પણ બે હાથ અને બે પગ છે. આ જગતમાં કાળા માથાનો માનવી શું નથી કરી શકતો ? જે માણસો ઝળકતી ફત્તેહ મેળવી યશ-કીર્તિને વર્યા છે, તેમાંના ઘણાખરા સામાન્ય સ્થિતિમાંથી જ આગળ વધ્યા છે, તો હું સામાન્ય સ્થિતિમાંથી કેમ આગળ વધી ન શકું ?'

સાધન અને સંયોગોથી હતાશા-નિરાશા અનુભવનાર મનુષ્યોને ઉદ્દેશીને અનુભવી પુરુષોએ કહ્યું છે કેઃ—

" विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधि-
विंपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।
तथाप्यासौ रामः सकलमवधीद्राक्षसकुलं,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

" લંકા જેવો સુરક્ષિત દેશ જિતવાનો હતો, દરિયાને હાથે-પગે તરવાનો હતો, સામા પક્ષમાં રાવણ જેવો મહાબળવાન શત્રુ હતો, રણક્ષેત્રમાં માત્ર વાનરોની જ સહાય હતી, તો પણ શ્રીરામે સકલ રાક્ષસકુલને જિતી લીધું, તેથી એમ માનવું જ યોગ્ય છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન-સંયોગો પર નહિ, પણ પોતાના પુરુષાર્થ ઉપર જ છે.'

घटो जन्मस्थानं मृगपरिजनो भूर्जवसनं,
वने वासः कन्दैरशनमतिदुःस्थं वपुरिति ।
इतीदृक्षोऽगस्त्यो यदपिबदपारं जलनिधिं,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

'જન્મ ઘડામાં થયો હતો, પરિવારમાં પશુઓ હતા, પહેરવામાં ભૂર્જવૃક્ષની છાલ હતી, રહેવાનું જંગલમાં હતું, ખાવા માટે વૃક્ષ–વેલીના કંદો હતા અને શરીર પણ ઘણું વામણું હતું. આવા વિચિત્ર સ્થાન–સાધન–સંયોગોમાં અગસ્ત્ય ઋષિ અપાર એવા જલનિધિને ગટગટાવી ગયા, તેથી એમ માનવું જ યોગ્ય છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન–સંયોગો પર નહિ, પણ પોતાના પુરુષાર્થ ઉપર જ છે.'

रथस्यैकं चक्रं भुजगयमिताः सप्ततुरगा
निरालम्बो मार्गश्चरणविकलः सारथिरपि ।
रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः,
क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥

"રથ એક પૈડાવાળો છે, તેને સાત ઘોડા જોડેલા છે, તેનું નિયંત્રણ સાપરૂપી લગામો વડે કરવાનું છે, માર્ગ કોઈપણ જાતનાં આલંબન વિનાનો છે અને સારથિ પણ પાંગળો છે, છતાં સૂર્ય અપાર આકાશનો પ્રવાસ નિત્ય પૂરો કરે છે, તેથી એમ માનવું જ યોગ્ય છે કે મહાપુરુષોની ક્રિયાસિદ્ધિનો આધાર સાધન–સંયોગો પર નહિ, પણ પોતાના પુરુષાર્થ ઉપર જ છે.'

અહીં એ પણ જણાવી દઈએ કે માટીનાં ઢેફાં પર એક પછી એક પગ પડતા જ જાય છે અને તેને છેક ધૂળ બનાવી દે છે, જ્યારે તીક્ષ્ણ ધારવાળા પત્થર પર કોઈ પગ મૂકવાની હિંમત કરી શકતું નથી, એટલે મનુષ્યે માટીનાં ઢેફાં જેવા નિર્માલ્ય ન રહેતાં પત્થર જેવા મજબૂત બનવું જોઈએ અને સ્વમાન રૂપી ધારવાળા થવું જોઈએ.

આ જગતમાં નિર્માલ્ય મનુષ્ય પોતાની જાતનું પણ ભલું કરી શકતો નથી, તો કુટુંબ, સગાંવહાલાં, સમાજ કે દેશનું ભલું શી રીતે કરી શકે? ધર્મના આરાધન માટે પણ આવો પુરુષ અયોગ્ય છે, કારણકે તેમાં બળ-વીર્ય-પરાક્રમની ડગલે ને પગલે જરૂર પડે છે.

માત્ર ખાઈપીઈને દિવસો પૂરા કરનાર અને કંઈ પણ મહત્ત્વનું કાર્ય ન કરનાર મનુષ્યને સુજ્ઞ પુરુષો પશુ તુલ્ય માને છે. આ રહ્યા તે અંગે તેમના શબ્દો:

> येषां न विद्या न तपो न दानं,
> न चापि शीलं न गुणो न धर्मः ।
> ते मृत्युलोके भुवि भारभूता
> मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

'જેમણે આ જગતમાં જન્મ ધારણ કરીને નથી વિદ્યા મેળવી, નથી તપ કર્યું, નથી દાન દીધું, નથી શીલ પાળ્યું, નથી કોઈ ઉમદા ગુણો કેળવ્યા કે નથી ધર્મનું આરાધન કર્યું, તેઓ આ મર્ત્યલોકમાં ભૂમિને ભાર રૂપ છે અને મનુષ્યનાં રૂપમાં પશુઓ તરીકે જ પોતાનું જીવન વ્યતીત કરે છે.'

આ વિષયમાં લોકકવિઓનો અભિપ્રાય પણ સાંભળી લો:

> જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર;
> નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.

'હે માતા! તું પુત્રને જન્મ આપવાની હોય તો એવા પુત્રને જન્મ આપજે કે જે ઈશ્વરનો અનન્ય ભક્ત થઈ પોતાનું કલ્યાણ કરે અને બીજાઓને પણ માર્ગદર્શક

અને અથવા એવા પુત્રને જન્મ આપજે કે જે પોતાનાં બાહુબળથી ખૂબ લક્ષ્મી કમાઈ તેનું દીન-દુઃખીને દાન કરે અને તેમનાં આંસુ લૂછે. અથવા એવા પુત્રને જન્મ આપજે કે જે પોતાની શૂરવીરતાથી સમાજ, દેશ તથા ધર્મનાં હિતોનું રક્ષણ કરે અને જરૂર પડતાં મરી ફીટે. જો આવા કોઈ પુત્રને જન્મ આપવાનું શક્ય ન હોય તો સારું એ છે કે તું વંધ્યા જ રહેજે અને તારાં શરીરનું નૂર ગુમાવીશ નહિ.'

જગત કોને યાદ કરે છે? તે પણ વિચારી જુઓ. તે મુફલીસ, માયકાંગલા, બીકણ, બાયલા, રોતડ કે રેંજી-પેંજીને યાદ કરતું નથી, પણ જેમણે અનેક જાતનાં પરાક્રમો કરીને જીવનનાં કોઈ પણ ક્ષેત્રમાં ઝળકતી ફત્તેહ મેળવી છે, તેને જ યાદ કરે છે.

એક સેનાપતિ રણક્ષેત્રમાં હારીને આવતો હોય, તેનો નગરપ્રવેશ ઉજવાય છે ખરો? અથવા એક વ્યાપારીએ વ્યાપારમાં દેવાળું કાઢ્યું હોય તો તેને માન આપવાના મેળાવડા થાય છે ખરા? અથવા એક વિદ્યાર્થી પરીક્ષામાં નિષ્ફળ ગયો હોય તો તેને માટે અભિનંદન-સમારંભ યોજાય છે ખરો? જો એનો જવાબ નકારમાં હોય તો નિર્માલ્યતા ખંખેરીને ઊભા થાઓ અને જીવનનાં કોઈ પણ ક્ષેત્રમાં ઝળકતી ફત્તેહ મેળવવાનો નિર્ણય કરો.

## ૩—તમે અનંત શક્તિના સ્વામી છો.

કેટલાક કહે છે કે 'અમને મહત્ત્વનું કાર્ય કરવાની ઇચ્છા થાય છે, પણ અમારામાં શક્તિ નથી, તેનું શું?'

અમે આ મહાશયોને જણાવવા ઈચ્છીએ છીએ કે 'અમારામાં શક્તિ નથી' એમ તમે માની લીધું, એ તમારી ગંભીર ભૂલ છે. 'તમે કોણ છો?' એનો બરાબર વિચાર કરો. તમે માત્ર હાડચામનું પિંજરું નથી, તમે માત્ર રક્તમાંસનો થેલો નથી, પણ તેથી કંઈક અધિક છો. હાડમાંસનાં પિંજરાં સ્વયં હાલીચાલી શકતાં નથી, રક્તમાંસના થેલા સ્વયં ખાનપાનનો વ્યવહાર કરી શકતા નથી, પરંતુ આ બધું તમે કરી શકો છો, એટલે તમે એથી કોઈક જુદા જ છો. તમે તમારી જાતને વાલજી, વીસનજી, ચતુરભાઈ, ચીમનલાલ, દામોદર કે દાસગુપ્તા ભલે કહેતા હો, પણ તમારું ખરું નામ જીવણજી, આત્મારામ કે ચૈતન્યદેવ છે.

જે ચૈતન્ય સર્વ તીર્થંકરોમાં હતું, જે ચૈતન્ય સર્વ ગણધર–મહાપુરુષોમાં હતું અને જે ચૈતન્ય સર્વ ચક્રવર્તી–વાસુદેવ–બળદેવમાં હતું, તે જ ચૈતન્ય તમારામાં વ્યાપી રહ્યું છે, તો પછી તમે શક્તિહીન શી રીતે? ખરી વાત એ છે કે તમે અનંત શક્તિના સ્વામી છો અને આ જગતમાં નહિ ધારેલાં–નહિ કલ્પેલાં કામો કરવાને શક્તિમાન છો, પણ તમારી એ શક્તિનું તમને ભાન નથી, એટલે જ ઉપરના શબ્દો ઉચ્ચારો છો.

ઘરમાં ઘણું ધન દાટ્યું હોય, પણ ખબર નહિ હોવાથી કોઈ એમ કહે કે 'હું ધનહીન છું, મારી પાસે કંઈ ધન નથી, તેથી મારો વ્યવહાર શી રીતે ચલાવું?' તેના જેવી આ સ્થિતિ છે. જો આ પુરુષને એટલી ખબર પડે કે મારાં ઘરમાં ઘણું ધન દાટેલું છે, તો એ કદી

નિરાશા અનુભવે ખરો? એ પહેલી તકે જ કોશ-કોદાળી જે કંઈ મળ્યું તેનાથી ઘર ખોદવાનો અને તેમાંથી દાટેલું ધન મેળવી પોતાનો જીવનવ્યવહાર સારી રીતે ચલાવવાનો. જૈન મહર્ષિઓએ ‘अप्पा सो परमप्पा’ એ સૂત્ર ઉચ્ચારીને તમને એ ખબર આપી દીધી છે કે ‘તમારી ભીતરમાં અનંત શક્તિનો ખજાનો છૂપાયેલો છે, એ ખજાનાના જોરે તમે સામાન્ય આત્મામાંથી પરમાત્મા બની શકો છો.’ તો પછી તમારે કોઈ પણ જાતની નિરાશા અનુભવવાનું રહ્યું ક્યાં? જરૂર માત્ર કોશ-કોદાળો ઉપાડવાની એટલે પુરુષાર્થ કરવાની છે અને તે તમે કરવા માંડો એટલે શક્તિનો ફુવારો આપોઆપ ફૂટશે અને તે તમારાં ધારેલાં સર્વ કાર્યો પૂર્ણ કરશે.

## ૪-ઇશ્વરેચ્છાને વ્યવહારની વચ્ચે લાવશો નહિ.

કેટલાક કહે છે કે ‘ઈશ્વરની મરજી વિના પાંદડું પણ હાલી શકતું નથી, તો આપણે ધારેલું કાર્ય શી રીતે કરી શકીએ? અમે તો એમ સાંભળ્યું છે કે ‘ધાર્યું ધણીનું થાય, આપણું ધાર્યું ધૂળ મળે.’

આવા શબ્દો દસ-વીસ નહિ, સો-બસો નહિ, પણ ઘણા માણસો ઉચ્ચારે છે, એટલે કેટલાકને એમ લાગતું હશે કે તેમાં કંઈક તથ્ય હોવું જોઇએ, પણ અમે પાઠકોને એ વાતની ખાતરી કરાવવા ઇચ્છીએ છીએ કે ઘણા માણસોની માનેલી-કહેલી વાત પણ અસત્ય હોય છે. વરુનાં પગલાંનું દૃષ્ટાંત આ વસ્તુ વધારે સ્પષ્ટ કરશે.

## વચનમાં મજાલાનું દૃષ્ટાંત

એક પુરુષ પોતાની પત્નીને તેડીને ઘર ભણી આવતો હતો. પોતાનું ગામ થોડા ગાઉને અંતરે આવેલું, એટલે પાસે ભાતું કે પાણી કંઈ લીધું ન હતું. એવામાં સ્ત્રીને પાણીની તરસ લાગી, એટલે તેણે કહ્યું કે 'નાથ! મને પાણીની ખૂબ તૃષા લાગી છે.

પતિએ કહ્યું કે 'હે વશનના! હમણાં જ આપણા માર્ગમાં એક મોટું તળાવ આવશે, તેમાં નિર્મળ જળ હિલોળા દેતું હશે, તેનાથી તારી તૃષા છીપાવી લેજે.'

આ શબ્દોથી સ્ત્રીને આશ્વાસન મળ્યું અને તે પૂર્વવત્ ચાલવા લાગી. પણ ઘણું ચાલવા છતાં તળાવ આવ્યું નહિ, ત્યારે તેણે પતિને પૂછ્યું કે 'પેલું તળાવ ક્યારે આવશે?'

પતિએ કહ્યું કે 'હવે તે આવવાની તૈયારીમાં જ છે, તેથી જરાયે ચિંતા કરીશ નહિ.'

આમ પેલી સ્ત્રી આશામાં ને આશામાં ઘરે આવી પહોંચી અને ત્યાં શીતલ જલનું પાન કરીને સ્વસ્થ બની. પછી તેણે પતિને કહ્યું કે 'તમે તો મને બરાબર ઠગી.'

પતિએ કહ્યું: 'મેં તને શી રીતે ઠગી?'

સ્ત્રીએ કહ્યું: 'માર્ગમાં કોઈ તળાવ ન હોય છતાં કહેવું કે 'મોટું તળાવ આવશે, તેમાં નિર્મળ જળ હિલોળા દેતું હશે, તેનાથી તારી તૃષા છીપાવી લેજે.' એ ઠગાઈ નહિ તો બીજું શું?'

પતિએ કહ્યું: 'એ શબ્દો આશ્વાસનના હતા. તેણે તને ઘર સુધી પહોંચાડી, માટે ઠગાઈ કહેવાય નહિ.

સ્ત્રીએ કહ્યું : 'આ તો તમારી વાકુચતુરાઈ છે. હું તો એટલું સમજું કે કોઈને ખોટું કહીને છેતરવાં એ ઠગાઈ જ કહેવાય. જો તમે મારી આ વાત માનવા તૈયાર ન હો તો ચાલો આપણે પાંચ જણને પૂછી જોઈએ.'

પતિએ કહ્યું : 'ઘણી વાર પાંચ જણ ખોટા હોય છે અને એક જણ સાચો હોય છે, માટે બીજા કોઈને પૂછવાની જરૂર નથી. હું તને આ વાતની ખાતરી કરાવી દઈશ.'

હવે તે પુરુષે પોતાની પત્ની ન જાણે એવી રીતે વરુનાં પગલાંવાળી ચાંખડીઓ બનાવી અને એક વખત પરોઢિયે એ ચાંખડીઓ વડે નગરના દરવાજા બહાર વરુનાં આબેહૂબ પગલાં પાડી દીધાં. પછી સવાર થતાં લોકો ગામ-બહાર નીકળવા લાગ્યા, તેમને એ પગલાં બતાવીને કહ્યું કે 'અરે ભાઈઓ ! ગત રાત્રિએ આ નગરમાં એક વરુ આવેલું જણાય છે. જુઓ તેનાં પગલાં. માટે આજથી ચેતતા રહેજો !' આટલું કહીને તે પોતાનાં ઘરે પાછો આવી ગયેલ.

આ બાજુ વરુની વાત એક કાનેથી બીજા કાને અને બીજા કાનેથી ત્રીજા કાને જતાં આખા નગરમાં ફેલાઈ ગઈ અને ચારે તથા ચૌટે, હાટે તથા વાટે એજ વાતુ થવા લાગી. એવામાં તેની સ્ત્રી પનઘટ પર પાણી ભરવા ગઈ, એટલે તેના કાને આ વાત પડી. તેણે ઘરે આવીને પતિને કહ્યું કે 'સાંભળ્યું કાંઈ ? ગઈ રાત્રે આપણાં નગરમાં એક વરુ આવ્યું હતું, તે કોઈના સાત ખોટના દીકરા

રાને ઊપાડી ગયું. માટે આપણે બરાબર સંભાળીને ચાલવું પડશે.'

પતિએ કહ્યું: 'આ વાત મારાં ગળે ઉતરતી નથી. આવડાં મોટાં નગરમાં વરુ શી રીતે આવે ?'

સ્ત્રીએ કહ્યું: 'બધા કહે છે તે ખોટું ?'

પતિએ કહ્યું: 'એમ પણ હોય.'

સ્ત્રીએ કહ્યું: 'બધા કહે તે ખોટું હોય નહિ, પણ તમે તો તમારો જ કક્કો ખરો કરવાના. એ દિવસે પણ તમે એમ જ કર્યું હતું. મને તમારો આ સ્વભાવ બિલકુલ ગમતો નથી.'

પતિએ કહ્યું: 'હું ઠીક કહું છું. આ દુનિયામાં તો—

વા વાયાથી નળિયું ખસ્યું,
તે દેખીને કૂતરું ભસ્યું.
ત્યાં થયો બહુ શોરબકોર,
કોઇ કહે મેં દીઠો ચોર.

એવો જ વ્યવહાર ચાલે છે. એકે વાત કરી એટલે બીજાએ કરી, બીજાએ કરી એટલે ત્રીજાએ કરી, એમ સહુ એક જ વાત કરવા લાગી જાય છે, પણ કોઈ ઊંડું ઉતરીને તપાસ કરતું નથી કે આમાં ખરું શું અને ખોટું શું ? હું તને સ્પષ્ટ જણાવી દઉં કે આ નગરમાં ગઇ રાત્રે વરુ આવ્યું જ નથી. એ વાત મેં જ ઉપજાવી કાઢેલી છે અને લોકોએ તેને પકડી લીધેલી છે. એની વિશેષ ખાતરી કરવી હોય તો જોઇ લે આ ચાંખડી.' પછી તેણે પરોઢિયે ઘરમાંથી નીકળીને કેવી રીતે નગર બહાર વરુનાં

પગલાં પાડયાં વગેરે હકીકત સવિસ્તર જણાવી. એટલે સ્રીને ખાતરી થઈ ગઇ કે પોતાનો પતિ કહે છે, તે વાત સાચી છે.

તાત્પર્ય કે ઘણા માણસો એક જાતની વાત કરી રહ્યા હોય, તેટલા પરથી જ તે સાચી છે, એમ માની લેવાય નહિ. સુજ્ઞ પુરુષે તેની શકયાશકયતા પર ઊંડાણથી વિચાર કરવો જોઈએ અને પછી જ તે સંબંધી પોતાનો અભિપ્રાય બાંધવો જોઈએ.

ઉપરનું કથન એમ માનીને ઉચ્ચારવામાં આવે છે કે 'ઈશ્વર જ આ સૃષ્ટિનો સર્જનહાર છે, ઈશ્વર જ આ સૃષ્ટિનું પાલન કરે છે અને ઈશ્વર જ આ સૃષ્ટિનો સંહાર કરે છે. પણ આવા કોઈ ઈશ્વરનો આ જગતમાં સંભવ નથી, તે આપણે ઈષ્ટદેવની ઉપાસના નામના નિબંધમાં× પ્રમાણપુરઃસર જોઈ ગયા છીએ, એટલે ઈશ્વરની મરજી એ મૂળ વિનાના થડ જેવી વાત છે, એમ માનીને તેને આપણા વ્યવહારની વચ્ચે લાવવી ન જોઈએ. આ વિશ્વમાં જો કોઈને ઈશ્વર કે પરમેશ્વરની સંજ્ઞા આપવા યોગ્ય હોય તો તે અર્હંતોને આપવા યોગ્ય છે, કારણ કે તેઓ અનંત શક્તિના સ્વામી છે. તે જ રીતે એ સંજ્ઞા સિદ્ધ ભગવંતને પણ આપી શકાય, કારણ કે તેઓ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હોઇ અનંત શક્તિનાં નિધાન છે. પણ અર્હંતો વીતરાગ હોવાથી અને સિદ્ધ ભગવંતો કૃતકૃત્ય હોવાથી તેઓ આ વિશ્વની કોઈ પણ ઘટનામાં કોઇ પણ જાતની દખલગીરી

× પૃ. ૧૦ ઇશ્વર સંબંધી કેટલીક વિચારણા.

કરતા નથી, એટલે વિશ્વ પોતાના નિયમાનુસાર વ્યવસ્થિત–પણે ચાલી રહ્યું છે. રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ નિયમિત આવ્યે જાય છે. શિયાળા પછા ઊનાળો, ઊનાળા પછી ચોમાસું અને ચોમાસા પછી પાછો શિયાળો એ પ્રમાણે ઋતુઓનું ચક્ર પણ નિયમિત ચાલતું જણાય છે. પ્રથમ બાળ, પછી યુવાન અને છેવટે વૃદ્ધ એ ક્રમમાં કોઈ ફેરફાર જણાતો નથી. આંબો વાવીએ તો આંબો ઉગે છે, લીમડો વાવીએ તો લીમડો ઉગે છે, ગુલાબ વાવીએ તો ગુલાબ ઉગે છે અને ધતૂરો વાવીએ તો ધંતૂરો ઉગે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ કોઈ પોતાનો સ્વભાવ છોડતા નથી. આમાં ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂર રહી ક્યાં ?

આમ છતાં ઘડીભર માની લઈએ કે સૃષ્ટિનો સર્જનહાર, પાલનહાર અને સંહારક, એવો સર્વશક્તિમાન એક ઈશ્વર વિદ્યમાન છે, તો શું આ જગત્‌માં સતત ચાલી રહેલી ક્રોડો–અબજો ક્રિયાઓનું ફળ તે અગાઉથી ધારી રાખે ખરો ? એમ કરવાનું તેને કારણ શું ? દરેક ક્રિયાનું ફળ જુદું જુદું આવે છે, એટલે જેટલી ક્રિયાઓ તેટલા ફળ ધારવાં પડે, એ આપણે ભૂલવાનું નથી. એ રીતે તો ઈશ્વર નિરંજન–નિરાકાર રહેવાને બદલે વિચાર, લાગણી, ઇચ્છા કે કલ્પનાનું પૂતળું જ બની જાય.

છતાં માની લઇએ કે તે દરેક ક્રિયાનું ફળ અગાઉથી ધારી રાખે છે, તો તે કોઈ ધોરણ કે નિયમાનુસાર ધારે છે કે નિયમ વિના ? એ પ્રશ્ન પણ આપણાં મનમાં

ખડો થાય છે. અહીં એમ કહેવામાં આવે કે ઈશ્વર દરેક ક્રિયાનું ફળ કોઈ ચોક્કસ નિયમ પ્રમાણે જ ધારે છે, તો તે નિયમ સર્વોપરી થતાં ઈશ્વરનું સાર્વભૌમત્વ હણાય છે અને એમ કહેવામાં આવે કે ઈશ્વર દરેક ક્રિયાનું ફળ કોઈ પણ નિયમને અનુસર્યા વિના પોતાની મરજી પડે એમ ધારે છે, તો ઈશ્વર અવિચારી, અવ્યવસ્થિત મનવાળો અને અન્યાયી ઠરે છે. એક સારાં કામનું ફળ ખોટું આવે અને ખોટાં કામનું ફળ સારું આવે એને આપણે વિચારશીલ, વ્યવસ્થિત મનવાળો કે ન્યાયી કેમ કહી શકીએ ?

ખરી વાત તો એ છે કે ઈશ્વર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હોવાથી તેને વિચાર, લાગણી, ઈચ્છા કે પ્રવૃત્તિ જેવું કંઈ પણ હોઈ શકે નહિ, કારણ કે આ બધી વસ્તુઓ કર્મ-સંયોગનું ફળ છે અને ઈશ્વરને આવો કોઈ કર્મસંયોગ હોતો નથી.

બધું ઈશ્વરનું જ ધાર્યું થાય છે અને આપણું ધાર્યું કંઈ થતું નથી, એ વાદનો પ્રચાર કરવામાં જે ભયસ્થાન રહેલું છે, તેનો પણ અહીં નિર્દેશ કરીશું.

જો બધું ઈશ્વરનું જ ધાર્યું થતું હોય અને આપણું ધાર્યું કંઈ પણ ન થતું હોય તો આપણે કોઈ પણ ક્રિયા કે પ્રવૃત્તિ કરવી શા માટે? એ પ્રશ્ન આપણી સામે ઉપસ્થિત થાય છે. જે ક્રિયા કે પ્રવૃત્તિનું ફળ નિશ્ચિત નથી, અથવા ગમે તેવું મળવા સંભવ છે, તે ક્રિયા કે પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ કોઈ પણ બુદ્ધિમાન પુરુષનાં દિલમાં પ્રકટે નહિ,

એ દેખીતું છે. અને આ રીતે કોઈ પણ ક્રિયા કે પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ ન થાય તો વ્યવહાર કે ધર્મ કોઈની પણ સાધના શી રીતે થઈ શકે ? એ આપણે વિચારવાનું છે. તાત્પર્ય કે આ વાદનું પરિણામ નિષ્કર્મણ્યતામાં જ આવે અને જ્યાં નિષ્કર્મણ્યતા હોય છે, ત્યાં નાશની નોબતો અવશ્ય ગડગડે છે, એટલે ઈશ્વરની મરજીને આપણા વ્યવહારની વચ્ચે ન લાવીએ એમાં જ આપણું શ્રેય છે.

## ૫–મનુષ્યજન્મનું ફળ પુરુષાર્થથી જ પામી શકાય છે.

આર્ય મહર્ષિઓએ કહ્યું છે કે—

**पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।**
**श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥**

'પૂજ્યપૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, શ્રુતનું આરાધન અને પરોપકાર એ મનુષ્યજન્મનાં આઠ ફળો છે.'

આમાંનું કોઈ પણ ફળ પુરુષાર્થ વિના પામી શકાય છે ખરું ? એ આપણે વિચારવાનું છે.

**પૂજ્યપૂજા** એટલે રાગદ્વેષરહિત શ્રી વીતરાગ પ્રભુની પૂજા, કંચન અને કામિનીના ત્યાગી પંચમહાવ્રત-ધારી ગુરુની પૂજા તથા માતા–પિતાદિ વડીલોની પૂજા. તે પ્રયાસ, પ્રયત્ન કે પુરુષાર્થ વિના થઈ શકતી નથી. શ્રી વીતરાગ પ્રભુની પૂજા કરવી હોય તો સ્નાન કરવું પડે છે, તાજાં પુષ્પો લાવવા પડે છે. કેશર, ચંદન, બરાસ, અક્ષત, બદામ વગેરે વસ્તુઓ એકઠી કરવી પડે છે, ધૂપદીપ પ્રકટાવવો પડે છે અને વિધિને અનુસરી સર્વ ક્રિયાઓ કરવી પડે છે. ગુરુની પૂજા કરવી હોય તો તેમની સમીપે જઈ

પાટ–પાટલો બિછાવી તેના પર નંદ્યાવર્ત સાથિયો પૂરવો પડે છે અને તેના ઉપર શક્તિમુજબ રૂપાનાણું, સોનાનાણું વગેરે મૂકીને વાસક્ષેપથી તેમના જમણા અંગૂઠે અર્ચન કરવું પડે છે તથા ત્રણ વાર પ્રણિપાત વંદન કરીને સુખશાતાની પૃચ્છા વગેરે કરવી પડે છે. તેજ રીતે માતાપિતાદિ વડીલોની પૂજા કરવી હોય તો નિત્ય પ્રાતઃકાળે ઉઠીને તેમને વંદન કરવું પડે છે અને તેઓ હિતબુદ્ધિથી જે કોઇ આજ્ઞાઓ કરે તે પ્રમાણે વર્તવું પડે છે. 'પૂજ્યોની પૂજા થવી હશે તો થશે ? આપણાથી શી રીતે થાય ?' એવો વિચાર કરીને બેસી રહીએ તો કદી યે પૂજા થાય ખરી ?

**દયા** એટલે કરુણા કે અનુકંપા. તે પણ યત્ન કર્યા સિવાય પાળી શકાતી નથી. 'દયા પળવી હશે તો પળશે' એમ માનીને આપણે અયત્નાએ વર્તીએ તો અવશ્ય હિંસા થાય છે અને તેનાં અનિષ્ટ ફળો ભોગવવા પડે છે. મેઘકુમારે હાથીના ભવે યતના રાખી હતી, તો જ તેઓ સસલાની દયા પાળી શક્યા હતા. તેની હકીકત આ પ્રમાણે સમજવી:

વૈતાઢ્ય નામના પર્વતમાં સુમેરુ નામનો એક હાથી હતો. તે ઘણી હાથણીઓના પરિવાર સાથે આરામથી દિવસો નિર્ગમન કરતો હતો. એવામાં દાવાનળ પ્રકટ્યો, એટલે પોતાનો જીવ બચાવવા તે એક સરોવરમાં પેઠો અને ત્યાં કાદવમાં ખૂંચી ગયો. એ વખતે શત્રુહાથીએ તેની કદર્થના કરી અને તે મૃત્યુ પામ્યો. ત્યારપછી વિંધ્યાચળ પર્વતમાં તે ફરી મેરુપ્રભ નામનો હાથી થયો અને અનેક હાથણી-

ઓની સાથે વિહાર કરતો આનંદમાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યો. એવામાં એક વખત દવ જોયો, એટલે જાતિસ્મરણ જ્ઞાન થયું અને આ વખતે દાવાનળમાં સપડાવું ન પડે એ વિચારથી તેણે એક યોજન જેટલી ભૂમિમાંથી ઝાડપાન ઉખેડી નાખી તેને એક મેદાન બનાવ્યું.

કાલક્રમે આ વનમાં પણ દાવાનળ લાગ્યો, એટલે બધાં પ્રાણીઓ પોતાનો જીવ બચાવવા એ મેદાનમાં એકઠાં થવા લાગ્યાં અને એ રીતે આખું મેદાન પશુ–પ્રાણીઓથી ભરાઈ ગયું. એવામાં હાથીને કાનનાં મૂળમાં ખુજલી આવી અને તેને ખંજવાળવા માટે એક પગ ઊંચો કર્યો, ત્યાં એક સસલો તે જગાએ ગોઠવાઈ ગયો. મેરુપ્રભ કાન ખજવાળ્યા પછી પોતાનો પગ નીચે મૂકવા જતો હતો, ત્યાં તેણે સસલાને જોયો એટલે તે વિચાર કરવા લાગ્યો કે 'મને જેમ મારું જીવન પ્યારું છે, તેમ સર્વ પ્રાણીઓને તેમનું જીવન પ્યારું છે, તેથી જ સર્વે અહીં એકત્ર થયા છે. બિચારો આ સસલો પણ એ જ રીતે અહીં આવ્યો છે. જો હું તેના પર પગ મૂકીશ તો તરત તેના પ્રાણ નીકળી જશે. માટે જ્યાં સુધી દાવાનળ ઓલવાય નહિ અને તે અહીંથી ખસી જાય નહિ, ત્યાં સુધી મારે પગ નીચે મૂકવો નહિ.'

પછી કેટલાક વખતે દાવાનળ શાંત પડ્યો અને સર્વ પશુઓ પોતપોતાનાં સ્થાને ચાલ્યા ગયા, ત્યારે હાથીએ પોતાનો પગ નીચે મૂકવા પ્રયત્ન કર્યો, પણ તેના પર લોહી ચડી ગયેલું હોવાથી પગ નીચે મૂકી શકાયો

નહિ અને તે જમીન પર તૂટી પડચો. ત્રણ દિવસ બાદ તેનું મૃત્યુ થયું અને અભયદાનના પ્રભાવથી તે શ્રેણિક રાજાની ધારિણી રાણીની કુક્ષિએ મેઘકુમાર તરીકે ઉત્પન્ન થયો. તાત્પર્ય કે યતના વિના દયા પાળી શકાતી નથી.

દાન દેવું હોય તો એમને એમ દેવાઈ જતું નથી. તે માટે કેટલાક ગુણો કેળવવા પડે છે અને પુરુષાર્થ પણ કરવો પડે છે. આ જગતમાં જેઓ દાનેશ્વરી તરીકે પંકાયા, તેમનાં જીવન પર દૃષ્ટિપાત કરો, એટલે આ વસ્તુ હસ્તામલકવત્ સ્પષ્ટ થશે. જગડૂશાહનું નામ આજે સારાયે ભારતવર્ષમાં દાનવીર તરીકે પ્રસિદ્ધ છે. એ નામ તેમને શી રીતે પ્રાપ્ત થયું ? પ્રથમ તેઓ પુરુષાર્થબળે અઢળક ધન કમાયા અને ગુરુનાં મુખેથી એમ જાણ્યું કે આગામી બે વર્ષમાં ભયંકર દુકાળ પડવાનો છે, એટલે દેશદેશમાં પોતાના વાણોતર–ગુમાસ્તા મોકલી અનાજ ખરીદ્યું, તેને કોઠારોમાં ભર્યું અને ‘ આ કણ ગરીબો માટે છે ’ એવાં પાટિયાં માર્યાં. પછી દુકાળવખતે અનાજની સખ્ત તંગી જણાતાં તેમણે ધાન્યના એ કોઠારો ગરીબો માટે ખુલ્લાં મૂકચાં અને રાવરાણાને પણ જોઈતું અનાજ વ્યાજબી ભાવે પૂરું પાડયું. આથી તે દાનવીર તરીકે પ્રસિદ્ધ થયા.

કોઈ સંસ્થાને મોટું દાન દેવું હોય તો એ સંસ્થાના આદર્શો કેવા છે ? તેને કઈ રીતે દાન આપવું ? તેના ઉદ્દેશો કેવી રીતે બર આવશે ? વગેરે અનેક બાબતો વિચારવી પડે છે અને મિત્રો તથા સોલીસીટર–વકીલોની સલાહ લઈને દાન આપવામાં આવે છે, એટલે તેમાં પણ

પુરુષાર્થની અપેક્ષા રહે છે.

જે લોકો પોતાના તરફથી સદાવ્રતો, અન્નછત્રો તથા ધર્મશાળા વગેરે સંસ્થાઓ ચલાવે છે, તેમને એ માટે કેટલી કાળજી રાખવી પડે છે અને કેટલો પુરુષાર્થ કરવો પડે છે ? તે કોઈથી અજાણ્યું નહિ હોય.

**તીર્થયાત્રા** તો ઘર છોડીને બહાર નીકળ્યા વિના તેમજ દેશદેશાવરમાં ગયા વિના થતી જ નથી, એટલે તેમાં પાદસંચાર વગેરે પુરુષાર્થ અવશ્ય કરવો પડે છે. ઉપરાંત વિધિસર યાત્રા કરવી હોય તો છ-રીનું પાલન કરવું પડે છે. તે આ રીતે-પાદચારી, એકાહારી, સમકિતધારી, ભૂમિશયનકારી, સચિત્તપરિહારી અને બ્રહ્મચારી થવું. (સચિત્ર પરિહારીની જગાએ આવશ્યકક્રિયાકારી એવું પદ પણ જોવાય છે.)

**જપ** એટલે મંત્રનું રટણ. તે શુદ્ધ થઈને એક આસને બેઠા વિના તથા જપમાલા વગેરે ચલાવ્યા વિના થઈ શકતો નથી. જેઓ માત્ર માનસજપ કરે છે, તેને પણ મનથી તેનું રટણ ચાલુ રાખવું પડે છે અને તેમાં પણ પુરુષાર્થની જરૂર અવશ્ય પડે છે. 'જપ થવો હશે તો થશે,' એવો વિચાર કરવામાં આવે તો સવાલાખ, નવલાખ કે એક કોટિ જપનું અનુષ્ઠાન કદી પણ થઈ શકે ખરું ? જપ વિના મંત્રસિદ્ધિ નથી, એટલે મંત્રસિદ્ધિ પણ પુરુષાર્થને આધીન છે, એમ જ સમજવું જોઈએ.

**તપ** કરવું હોય તો ઇચ્છાનો નિરોધ કરવો પડે છે, આહારસંજ્ઞા જીતવી પડે છે અને વીર્યને ફોરવવું પડે છે.

તે સિવાય તપ થઈ શકતું નથી. તાત્પર્ય કે તપ પણ પુરુષાર્થને આધીન છે.

**શ્રુતની** આરાધના માટે ગુરુનો વિનય કરવો પડે છે; વાચના, પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયનો આશ્રય લેવો પડે છે અને ઉપધાનાદિ તપશ્ચર્યા પણ કરવી પડે છે. નિરંતર પ્રયત્નશીલ રહ્યા વિના શ્રુતની આરાધના થઈ શકતી નથી.

જેઓ આ જગતમાં મહાન પંડિતો, લેખકો, કવિઓ, ચિત્રકારો કે કલાકારો તરીકે પંકાયા છે, તે બધાએ પરમ પુરુષાર્થથી જ પોતાની સિદ્ધિ હાંસલ કરેલી છે.

**પરોપકાર** તો પિંડ ઘસ્યા વિના થઈ શકતો જ નથી. કોઈનું નાનું-મોટું ગમે તે કામ કરી આપવું હોય તો પરિશ્રમ અવશ્ય કરવો પડે છે. ધરતીકંપ, જળરેલ, અકસ્માત, હુલ્લડ વગેરે પ્રસંગે સેવા અર્પણ કરનારાઓને અનેક પ્રકારનું જોખમ ખેડવું પડે છે, ગમે ત્યાં સૂઈ રહેવું પડે છે અને જે કંઈ લૂખું-સૂકું ખાવાનું મળ્યું, તેનાથી ચલાવી લેવું પડે છે. એટલે પરોપકાર કરવામાં તો પુરુષાર્થની ઘણી જ જરૂર પડે છે.

આ રીતે મહર્ષિઓએ મનુષ્યજન્મનાં જે આઠ ફળો બતાવ્યાં છે, તે બધાં જ પુરુષાર્થથી સિદ્ધ થાય છે, પણ એકાએક કે આકસ્મિક સિદ્ધ થઈ જતાં નથી.

## ૬-નશીબવાદી થશો તો નાશ નોતરશો.

કેટલાક કહે છે કે 'આ બધી વસ્તુઓ ભલે પુરુષાર્થથી સિદ્ધ થતી હોય પણ લક્ષ્મી તો ભાગ્ય કે નશીબનો

જ ખેલ છે. જો એમ ન હોય તો બધા પુરુષાર્થ કરનારા શ્રીમંત થઈ જવા જોઈએ, પણ તેમ થતું નથી.' પરંતુ આ કથન ભ્રમપૂર્ણ છે. એક માણુસ હાથ જોડીને બેસી રહે અને કંઈ પણ પુરુષાર્થ ન કરે તો લક્ષ્મીદેવીની કૃપા તેના પર ઉતરે ખરી? જો એ રીતે બેસી રહેવાથી જ લક્ષ્મીદેવીની કૃપા ઉતરતી હોય તો ખેતીવાડી, વ્યાપાર-ધંધો, હુન્નર-ઉદ્યોગ, નોકરી-ચાકરી વગેરે કરવાની કંઈ જરૂર રહે નહિ, પણ દરેક સમજદાર મનુષ્ય એ દિશામાં પ્રયત્ન કરતો દેખાય છે, એટલે લક્ષ્મી પણ પુરુષાર્થને આધીન છે, એમ જ માનવું જોઇએ. પુરુષાર્થનાં ફળરૂપે કોઇને વિશેષ લક્ષ્મી મળે અને કોઇને ઓછી મળે તેમાં પુણ્યની તરતમતા વગેરે કારણો સંભવી શકે, પણ એનો અર્થ એ નથી કે લક્ષ્મી કંઈ પણ પ્રયાસ કે પ્રયત્ન કર્યા વિના એમ ને એમ મળી જાય છે. કદાચ કોઈને એ રીતે લક્ષ્મી મળી ગઈ હોય તો બીજા બધાને એ જ રીતે મળી જાય એવું નથી, એટલે પુરુષાર્થ એ જ લક્ષ્મીની પ્રાપ્તિનો રાજમાર્ગ છે. છાતી પર બોર પડ્યું હોય તે મુખમાં મૂકવા માટે હાથ હલાવવો પડે છે, તો જે સ્વભાવે ચંચલા છે અને અહીં તહીં ફરતી રહે છે, તે લક્ષ્મીને સ્વાધીન કરવા માટે હાથ-પગ હલાવવા કેમ ન પડે? પુરાણોએ લક્ષ્મીને વિષ્ણુની પત્ની કલ્પી છે, તેમાં વિષ્ણુ એ પુરુષાર્થનું પ્રતીક છે, એટલે લક્ષ્મી પુરુષાર્થને આધીન છે, એમ જ આપણે સમજવાનું છે.

આ બાબતમાં આપણા નીતિકારોએ શું કહ્યું છે? તે

સરવા કાને સાંભળોઃ—

**निद्रालस्यसमेतानां क्लीबानां क्व विभूतयः।**
**सुसत्त्वोद्यमसाराणां श्रियः पुंसां पदे पदे॥**

'ખાઈપીઈને સૂઈ રહેનારા તથા નશીબના ભરોસે આળસુ–એદી થઈને પડયા રહેનારા બાયલાઓને આ જગત્‌માં ધન–સંપત્તિ–અધિકાર વગેરેરૂપ વિભૂતિઓ કયાંથી મળે? જે પુરુષો પરાક્રમી અને ઉદ્યમ કરવામાં એકા છે, તેમને ડગલે ડગલે લક્ષ્મીનો લાભ થાય છે.'

કેટલાક કહે છે કે 'અમે પુરુષાર્થ કરી જોયો, પણ તેનું ખાસ ફળ મળ્યું નહિ, માટે ફરી પુરુષાર્થ કરવાનું મન થતું નથી. જ્યાં નશીબ વાંકું હોય ત્યાં પુરુષાર્થ શું ફળ આપે?' પણ આ રીતે નશીબવાદી થઈને બેસી રહેવું યોગ્ય નથી. એકવાર પુરુષાર્થ કરતાં ફળ ન મળ્યું, એટલે બીજી વાર પણ ફળ નહિ મળે, એમ માની લેવું એ યુક્તિ અને અનુભવ બંનેથી વિરુદ્ધ છે. 'આઠ ગણતાં સુધી નવ ન આવ્યા, માટે હવે નવ નહિ આવે.' એમ કોણ કહી શકશે? અથવા એક વખત રોટલી વણીને ગોળ ન થઈ માટે ફરી વણતાં ગોળ નહિ થાય, એવો અનુભવ કોને છે? કરોળિયો જાળ નાખવાની શરુઆત કરે છે, ત્યારે પહેલો તાર તૂટી જાય છે, એટલે ફરી પ્રયત્ન કરે છે. વળી એ તાર પણ તૂટી જાય છે, એટલે ત્રીજી વાર પ્રયત્ન કરે છે. એમ તે પ્રયત્ન કરતો જ રહે છે, તો આખરે એ જાળ નાખવામાં સફળ થાય છે, તો બે હાથ, બે પગ અને શક્તિશાળી મન ધરાવતો મનુષ્ય પહેલી વારના પુરુષાર્થનું

ફળ ન દેખાતાં પુરુષાર્થ કરવાનું જ છોડી દે અને નશીબવાદી બની જાય, એ કેટલું ઉચિત ગણાય? પૂરો પુરુષાર્થ કર્યો વિના નશીબનો વાંક કાઢવો અને હવે કંઈ ફળ નહિ આવે એમ માની લેવું, એ નાશને નોતરવા બરાબર છે. આપણા નીતિકારોએ કહ્યું છે કેઃ—

> उद्योगिनः पुरुषसिंहमुपैति लक्ष्मी-
> र्दैवं न दैवमिति कापुरुषाः वदन्ति ।
> दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या,
> यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ? ॥

"લક્ષ્મી ઉદ્યોગી એવા પુરુષસિંહ પાસે જાય છે, નહિ કે દૈવ પાસે. દૈવ રુઠયું છે, નશીબ વાંકું છે, ભાગ્ય બરાબર નથી, આવાં વચનો બાયલાઓ જ બોલે છે. માટે હે પુરુષ! દૈવને છોડી તારી શક્તિ મુજબ પુરુષાર્થ કર. એમ છતાં કાર્યસિદ્ધિ ન થાય તો પછી તારો દોષ નથી." તાત્પર્ય કે લક્ષ્મીની પ્રાપ્તિ માટે પણ મનુષ્યે બનતો પુરુષાર્થ કરવો ઘટે છે.

## ૭–નિયતિવાદ નિકૃષ્ટ છે.

કેટલાક ભાગ્ય, નશીબ કે દૈવની જગાએ નિયતિને આગળ કરે છે અને જણાવે છે કે 'આ જગતમાં બધા ભાવો નિયત થઈ ચૂકેલા છે, એટલે જેનું ફળ જે પ્રકારે આવવાનું હોય તે પ્રકારે જ આવે છે. તેમાં આપણો પુરુષાર્થ કંઈ કામ લાગતો નથી.' આ મંતવ્ય પણ મનુષ્યને પુરુષાર્થથી હઠાવીને નિષ્કર્મણ્યતા તરફ લઈ જનારું છે કે જેનું ફળ અધઃપતન સિવાય અન્ય કંઈ સંભવતું નથી.

આજે ખાવાનું નિયત થયું હશે તો ખવાશે, એમ માનીને રસોડે તાળું મારવામાં આવે તો પરિણામ શું આવે? એવા પ્રસંગે કદાચ કોઈ સગાવહાલો કે મિત્ર આવી ચડે અને આમંત્રણ આપીને પોતાને ત્યાં લઈ જાય ને સારી રીતે જમાડે તેથી પણ શું? બીજા, ત્રીજા, ચોથા દિવસે મનુષ્ય એ પ્રમાણે વર્તી શકશે નહિ અને કદાચ વર્તવાનો પ્રયત્ન કરશે તો જરૂર ભૂખે મરશે.

કયો ભાવ કયા પ્રકારે નિયત છે, એ સામાન્ય મનુષ્ય જાણી શકતો નથી. આ સંયોગોમાં તે પુરુષાર્થને છોડી દે તો આંધળા મનુષ્યે પોતાની લાકડી છોડી દીધેલી ગણાય કે જેના ટેકે તેનો માર્ગ કપાતો હોય છે.

ભૂતકાળમાં ગોશાલકે નિયતિવાદનો પ્રચાર કર્યો હતો. તે લોકોને કહેતો હતો કે 'પોતાનાં સામર્થ્યથી કંઈ પણ થતું નથી. બલ નથી, વીર્ય નથી, પુરુષના વીર્ય અથવા પરાક્રમમાં પણ કંઈ નથી. સર્વ સત્ત્વો, સર્વ પ્રાણી, સર્વ જીવ અવશ, દુર્બલ અને નિર્વીર્ય છે. તે નશીબ, જાતિ, વૈશિષ્ટય અને સ્વભાવથી બદલાય છે અને છમાંથી કોઈ પણ જાતિમાં× રહી સર્વ દુઃખનો ઉપભોગ કરે છે. આ

× ગોશાલકે મનુષ્ય માત્રને છ અભિજાતિમાં નીચે પ્રમાણે વિભક્ત કર્યા હતાઃ—

(૧) કૃષ્ણાભિજાતિ–ક્રૂર કાર્ય કરનારા, ખાટકી, પારધિ, શિકારી, ચોર ડાકુ, ખૂની વગેરે.

(૨) નીલાભિજાતિ–બૌદ્ધ ભિક્ષુકો.

(૩) લોહિતાભિજાતિ–એક વસ્ત્રધારી નિર્ગ્રંથો (શ્રી મહાવીરના શિષ્યો.)

શીલ, વ્રત, તપ અથવા બ્રહ્મચર્યથી અપરિપક્વ થયેલાં કર્મોનાં ફળોને ભોગવી તેમને ક્ષીણ કરી નાખીશ એવું જો કોઈ કહે, તો તે થવાનું નથી. આ સંસારમાં સુખ દુઃખો પરિમિત પાલીથી માપી શકાય એ રીતે નિયત થયેલાં છે અને તે ઓછાવત્તાં કરી શકાતાં નથી. '

ગોશાલકના આ સિદ્ધાંતની નિરર્થકતા જૈનાગમોમાં નીચે પ્રમાણે નોંધાયેલી છેઃ—

એક વાર કુંડકોલિક શ્રાવક× પોતાની અશોકવનિકામાં નિયમ મુજબ પોષધ કરીને બેઠા હતા. તેવામાં એક દેવે આવીને તેમને કહ્યું કે 'હે કુંડકોલિક! મંખલિપુત્ર ગોશાલકની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે; તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ-(પુરુષાર્થ) નથી; તેમ જ બધા ભાવો નિયત છે. શ્રમણ ભગવાન મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર નથી; કારણ કે તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને

---

(૪) હરિદ્રાભિજાતિ–સ્વચ્છ વસ્ત્રધારી અચેલક (આજીવિક) શ્રાવકો.

(૫) શુક્લાભિજાતિ–આજીવિક સાધુઓ.

(૬) પરમશુક્લાભિજાતિ–નંદવચ્છ, કિસસંકિચ્ચ તથા મકખલિ ગોશાલક વગેરે આજીવિક સંપ્રદાયના આચાર્યો.

જૈન ધર્મે ૭ લેશ્યાઓ નીચે પ્રમાણે જણાવી છેઃ કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુકલ. તેની સરખામણી અહીં કરવા જેવી છે.

× આનંદ, કામદેવ, ચૂલણીપિતા, સુરાદેવ, ચુલ્લગશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપ્રિય અને શાલિહીપિતા એ પ્રભુ મહાવીરના દશ આદર્શ શ્રાવકો ગણાયા છે.

પુરુષાકાર–પરાક્રમ છે.× તથા બધા ભાવો અનિયત છે.'

એ સાંભળી કુંડકોલિકે કહ્યું કે 'હે દેવ! જો તારું કહેવું સાચું હોય તો આ પ્રકારની દિવ્ય દેવશ્રી, દેવદ્યુતિ અને દિવ્ય પ્રભાવ તેં ઉત્થાનાદિથી મેળવ્યા કે અનુત્થાનાદિથી મેળવ્યા? તેનો ઉત્તર આપ.'

દેવે કહ્યું: 'મને એ બધું મળવાનું નિયત જ હતું, એટલે મેં અનુત્થાનાદિથી જ મેળવ્યું ગણાય.'

કુંડકોલિકે કહ્યું: 'જો આવી દિવ્ય દેવશ્રી અનુત્થાનાદિથી જ મળતી હોય તો જે જીવો ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર–પરાક્રમ વિનાના છે, તે બધાને પણ તારા જેવી દિવ્ય દેવશ્રી મળવી જોઈએ, પરંતુ તેને બદલે તે જીવો તો હીનતા અને પામરતામાં સબડી રહેલા જોવામાં આવે છે, એટલે તું જે કહે છે કે મંખલિપુત્ર ગોશાલકનો સિદ્ધાંત સુંદર છે અને શ્રમણ ભગવાન મહાવીરનો સિદ્ધાંત અસુંદર છે, એ વાત મિથ્યા છે.'

કુંડકોલિકનો આ જવાબ સાંભળી દેવ કંઈ પણ વિશેષ બોલ્યા વિના પોતાના માર્ગે સીધાવ્યો.

પોલાસપુરમાં સદ્દાલપુત્ર પોતાની ભાર્યા અગ્નિમિત્રા સાથે રહેતો હતો. તે આજીવિક સિદ્ધાંતમાં (ગોશાલક આજીવિક સંપ્રદાયનો એક આચાર્ય હતો.) વિનિશ્ચિતાર્થ અને જ્ઞાતાર્થ હતો તથા એમ માનતો હતો કે આજીવિકનો સિદ્ધાંત એ જ પરમાર્થ છે અને બીજા બધા અનર્થ

× પુરુષાર્થના આ પાંચે પગથિયાનો નિર્દેશ પરમપદનાં સાધનોમાં પૃ. ૬૩ પર કરેલો છે.

છે. તેની પાસે એક કોટિ હિરણ્ય નિધાનમાં હતું, એક કોટિ વ્યાજે હતું. અને એક કોટિ ઘરના ઉપયોગમાં હતું. ઉપરાંત દશ હજાર ગાયોનો એક વ્રજ હતો. પોલાસપુરની બહાર તેનાં પાંચસો હાટ હતાં. તેમાં તેણે અનેક માણસોને પગાર આપીને કામ કરવા માટે રોકેલા હતા. તેઓ ત્યાં અસંખ્ય પાત્રો તથા વસ્તુઓ બનાવતા અને બીજા પગારદારો તેને રાજમાર્ગમાં લઈ જઈને વેચતા.

સદ્દાલપુત્ર એક વખત પોતાની અશોકવાટિકામાં ધ્યાનસ્થ બેઠો હતો, તેવામાં આકાશવાણી થઈ કે 'કાલે અહીં એક સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્યપૂજિત, સુરનરાસુર–અર્ચિત, વંદનીય તથા તથ્યકર્મોથી યુક્ત એક પુરુષ આવનાર છે. તેમને તું વંદન કરજે તથા અશનપાનાદિનું નિમંત્રણ કરજે.'

સદ્દાલપુત્રે ધાર્યું કે આવાં લક્ષણોથી યુક્ત પુરુષ તો મારા ગુરુ મંખલિપુત્ર ગોશાલ જ હોવા જોઈએ. પરંતુ બીજે દિવસે તો શ્રમણ ભગવાન મહાવીર જ તે ગામમાં પધાર્યા. આકાશવાણી થઈ હતી, એટલે સદ્દાલપુત્ર તેમનાં દર્શને ગયો. તે વખતે શ્રમણ ભગવાન મહાવીરે આગલા દિવસે થયેલી આકાશવાણીની વાત કહી. આથી સદ્દાલપુત્ર આશ્ચર્ય પામ્યો અને તેમના પ્રત્યે શ્રદ્ધાન્વિત થયો. પછી તેણે ભગવાનને પોતાની દુકાનોમાંથી જોઈતી વસ્તુઓ લેવાનું નિમંત્રણ આપ્યું અને ભગવાને તે સ્વીકાર્યું.

એક વખત સદ્દાલપુત્ર પવનથી સૂકાયેલાં કાચાં વાસણોને ઘરમાંથી બહાર કાઢીને તડકે સૂકવતો હતો. તેવામાં

ભગવાન મહાવીર ત્યાં આવી પહોંચ્યા. તેમણે કહ્યું :–

‘સદ્દાલપુત્ર ! આ વાસણ કેવી રીતે બન્યું છે ?’

સદ્દાલપુત્રે કહ્યું : ‘ભગવન્ ! પહેલાં તો તે માટી રૂપે હતું. પછી તેને મસળીને ચાકડે ચડાવવામાં આવ્યું, ત્યારે હવે તે આ વાસણરૂપે બન્યું છે.’

તે સાંભળી ભગવાને કહ્યું કે ‘હે સદ્દાલપુત્ર ! તેમાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પરાક્રમની જરૂર પડે કે નહિ ?’

આ પ્રશ્નથી સદ્દાલપુત્ર કંઈક ચમક્યો. પણ તેણે પોતાના આજીવિક સિદ્ધાંત પ્રમાણે જ જવાબ આપ્યો કે ‘ભગવન્ ! બધી વસ્તુઓ ઉત્થાન, કર્મ, બલ વગેરે વિના જ નિયતપણે બન્યે જાય છે.’

ભગવાને કહ્યું : ‘હે સદ્દાલપુત્ર ! કોઈ માણસ તારાં આ વાસણો ઉપાડી જાય, ફેંકી દે કે ફોડી નાખે અથવા તારી આ અગ્નિમિત્રા ભાર્યા સાથે ભોગો ભોગવે તો તું તેને શિક્ષા કરે કે નહિ ?’

સદ્દાલપુત્રે કહ્યું કે ‘ભગવન્ ! તો હું જરૂર તે દુષ્ટ પુરુષને પકડું, બાંધું અને મારું.’

ભગવાને કહ્યું : ‘હે સદ્દાલપુત્ર ! જો બધું કોઈના ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ વિના જ નિયતપણે બનતું હોય તો કોઈ વાસણ ચોરતું નથી, ફોડતું નથી કે તારી સ્ત્રી સાથે ભોગ ભોગવતું નથી, તો પછી તું શા માટે માણસને પકડે, બાંધે કે મારે ? તારે હિસાબે તો આ બધું નિયત છે અને કોઈના પ્રયત્ન વિના બન્યે જાય છે.’

ભગવાનની આ દલીલ સાંભળી સદ્દાલપુત્રની આંખ ખૂલી ગઈ અને તેણે ભગવાનનો સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા કરી. ભગવાને તેને પોતાનો સિદ્ધાંત યથાવિધિ સમજાવ્યો. આથી સદ્દાલપુત્રે તરત જ પોતાની સ્રીસહિત ભગવાનના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો અને આનંદ-ગૃહપતિની પેઠે, તેમની પાસેથી પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળો× ગૃહસ્થધર્મ અંગીકાર કર્યો.

ભગવાન બુદ્ધે પણ ગોશાલકના નિયતિવાદને નિકૃષ્ટ માન્યો હતો. તે વિષે અંગુત્તરનિકાયના મક્ખલિવર્ગમાં કહ્યું છે કે 'હે ભિક્ષુઓ! આ અવનિ ઉપર મિથ્યાદષ્ટિ જેવો બીજો કોઈ અહિતકર પાપી નથી. મિથ્યાદષ્ટિ એ સર્વ પાપીઓમાં શિરોમણિ છે, કારણ કે તે સદ્ધર્મથી વિમુખ રાખે છે. હે ભિક્ષુઓ! આવા મિથ્યાદષ્ટિ જીવો ઘણા છે, પણ મોઘપુરુષ ગોશાલક જેવું અન્યનું અહિત કરનાર હું બીજા કોઈને જોતો નથી. સમુદ્રમાંની જાળ જેવી રીતે અનેક માછલીઓ માટે દુઃખદાયી, અહિતકર અને ઘાતક નીવડે છે, તેવી રીતે આ સંસારસાગરમાં મોઘપુરુષ ગોશાલક અનેક જીવોને ભ્રમમાં નાખીને દુઃખદાયક અને અહિતકર નીવડે છે."

"હે ભિક્ષુઓ! જેવી રીતે વસ્રોની અંદર વાળનો કામળો નિકૃષ્ટતમ છે, કારણ કે તે ગરમીમાં ગરમ થઈ

× અહીં ત્રણ ગુણવ્રતોને પણ એક પ્રકારનાં શિક્ષાવ્રત માની તેની સંખ્યા સાતની કહી છે, પણ વ્યવહાર ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનો છે.

જાય છે, શરદીમાં ઠંડો થઈ જાય છે, તેનો રંગ પણ સારો લાગતો નથી, તે સહેલાઇથી હાથમાં પણ રહેતો નથી; તેવી રીતે મકખલિ ગોશાલનો વાદ પણ બધા શ્રમણવાદોમાં નિકૃષ્ટ છે.'

શ્રી કૃષ્ણે ભગવદ્‌ગીતામાં '**नियतं कुरु कर्म त्वं, कर्म ज्यायो ह्यकर्मणः** – તું અવશ્ય કર્મ કર, કેમકે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું સારું છે.' '**स्वस्वकर्मण्यभिरतः संसिद्धिं लभते नरः**–પોતપોતાના કર્મમાં મગ્ન રહેવાથી મનુષ્ય સંસિદ્ધિને પામે છે' વગેરે વચનો વડે પુરુષાર્થનો મહિમા પ્રકાશ્યો છે.

તાત્પર્ય કે ભારતવર્ષની શ્રેષ્ઠ પ્રજ્ઞાએ નિયતિવાદને નિકૃષ્ટ માની પુરુષાર્થવાદની પ્રતિષ્ઠા કરી છે, એટલે પુરુષાર્થ એ સફળતાનો પ્રાણ છે, એમ માનીને આપણે ચાલવું જોઈએ.

## ૮–કામ વિચારીને કરવું.

પુરુષાર્થ કેવી રીતે કરવો ? તે જાણવાની જરૂર છે. ગમે તે રીતે પુરુષાર્થ કરવાથી તેમાં સફળતા મળતી નથી. આપણે આંખો બંધ કરીને દોડવાનું ચાલુ કરીએ તો પરિણામ શું આવે ? કાં ભીંત સાથે અફળાઇને માથું ફોડીએ, કાં ખાડામાં પડીને હાથ–પગ તોડીએ. તેથી મહાપુરુષોની શિક્ષા છે કે કોઈ પણ કામ વિચારીને કરવું, પણ વિચાર્યા વિના કરવું નહિ. જે કામ વિચાર્યા વગર કરવામાં આવે છે, તેમાં પ્રાયઃ સફલતા મળતી નથી, ઉપહાસને પાત્ર થવાય છે અને અનેક જાતનું નુકશાન વેઠવું પડે છેઃ

વિચાર કરવાની પણ રીતિ છે, પદ્ધતિ છે. તે નહિ જાણવાથી સ્થિતિ જમનાદાસ જેવી થાય છે. શેઠનો પુત્ર જમનાદાસ પોતાની દુકાન પાસે રોજ એક આખલાને બેઠેલો જોઈ વિચાર કરતો કે આનાં બે શીગડાંની વચ્ચે માથું ઘાલ્યું હોય તો આવે કે નહિ ? તેણે છ મહિના સુધી આ પ્રમાણે વિચાર કર્યો અને મનથી નક્કી કર્યું કે માથું તો જરૂર આવી જાય, પણ તેની પ્રયોગદ્વારા ખાતરી કરવી. આથી એક દિવસ તેણે આખલાની પાસે જઈ તેનાં બે શીંગડાંની વચ્ચે જોરથી માથું ઘાલ્યું અને તે બરાબર આવી ગયું. પછી શું થશે ? તેનો વિચાર તેણે કર્યો ન હતો. કદાચ તેનાં મનમાં એમ હશે કે માથું ભરાવી જોયા પછી તરત પાછું કાઢી લઈશ અને એ રીતે મેં કરવા ધારેલો પ્રયોગ સફળ થશે, પણ પોતાનાં શીંગડામાં માણસ ભરાઇ જાય અને માથે સાડાત્રણ મણનું વજન પડે એને આખલો કઈ રીતે ચલાવી લે ? એણે તો પોતાનાં શીંગડામાં માણસને ભરાઈ ગયેલો જોઈ માથું આમથી તેમ હલાવવા માંડ્યું ને ઊંચું નીચું કરી જમનાદાસને જમીન સાથે અફાળવા માંડયો. આથી જમનાદાસનાં હાડકાં–પાંસળાં સારી રીતે ખોખરાં થયાં અને તે રાડારાડ કરવા લાગ્યો. છેવટે ત્યાં ઘણા માણસો ભેગા થઇ ગયા અને તેમણે કોઇ પણ ઉપાયે આખલાને પકડી તેનાં શીંગડામાંથી જમનાદાસનું માથું બહાર ખેંચી કાઢ્યું. પછી બધાએ પૂછ્યું કે 'મેં અવિચારી કામ કર્યું નથી, લાગલગાટ છ મહિના સુધી વિચાર કરીને આ કાર્ય કર્યું છે !' આ સાંભળી

બધા તેની મૂર્ખાઈ પર હસવા લાગ્યા. તાત્પર્ય કે વિચાર કરવો એટલે અમુક કાર્ય કરવા યોગ્ય છે કે કેમ ? તેનું પરિણામ શું આવશે ? તે કરવાની મારી શક્તિ છે કે કેમ ? તે કરવા માટે હાલના સંયોગો અનુકૂળ છે કે કેમ ? વગેરે અનેક બાબતોનો વિચાર કરવો અને તેમાં સફળતા મેળવી શકાશે એમ લાગે તો જ તેનો પ્રારંભ કરવો.

જે કાર્ય કરવાથી ઘણું પાપ બંધાય તેમ હોય, ઘણાની સાથે વૈરવિરોધ થાય તેમ હોય તથા આપણી બધી શક્તિ નીચોવાઈ જાય તેમ હોય, તેવું કાર્ય કરવું નહિ.

પાપનું ફળ દુ:ખ છે, એટલે ઘણું પાપ કરનારને ઘણું દુ:ખ ભોગવવું પડે છે અને તેનાં ચિત્તને કોઈ રીતે શાંતિ મળતી નથી. વળી પાપનો ઉદય થતાં નહિ ધારેલી મુશ્કેલીઓ આવ્યા કરે છે અને કાર્યનો બધો રંગ બગાડી નાખે છે, તેથી જ મહર્ષિઓનો ઉપદેશ છે કે પાપભીરુ થવું. ‘ આદર્શ ગૃહસ્થ ’ નામના નિબંધમાં અમે આ સંબંધી કેટલુંક વિવેચન કરી ગયા છીએ, તે પાઠકો ભૂલ્યા નહિ જ હોય.

ઘણા સાથે વૈર–વિરોધ થયો હોય તો આપણું બળ કમી થઈ જાય છે, વિઘ્નો એક પછી એક આવ્યા જ કરે છે અને તેથી આપણે કોઈ પણ મહત્ત્વનું કાર્ય કરી શકતા નથી. નીતિકારો સ્પષ્ટ કહે છે કે–

ઝાઝા નબળા લોકથી, કદી ન કરીએ વેર;
કીડી કાળા નાગનો, પ્રાણ લિયે એ પેર.

‘ આપણે સબળ છીએ અને સામો નિર્બળ છે, એમ

માનીને ઘણા નિર્બળોથી વેર બાંધવું નહિ. કાળા નાગની સરખામણીમાં કીડીનું સ્થાન શું છે ? છતાં ઘણી કીડીઓ ભેગી થાય તો નાગનો પ્રાણ લઈ લે છે, તેથી ઘણા સાથે વૈર–વિરોધ થાય એમ કરવું નહિ.

જે કાર્યનું પરિણામ બહુ મોટું કે મહત્ત્વનું ન હોય, તેને માટે જો આપણી સર્વ શક્તિઓ ખર્ચાઇ જાય તો બીજાં અગત્યનાં કામો શી રીતે થઇ શકે ? તાત્પર્ય કે એ વખતે આપણે હાથ ખંખેરી નાખવા પડે અને આપણે કરવા ધારેલી બધી પ્રગતિ અટકી પડે, તેથી શક્તિ નીચોવાઈ જાય એવું કાર્ય હાથ ધરવું નહિ.

કેટલાક કહે છે કે ‘ જે જ્ઞાની હોય તે પરિણામનો વિચાર કરી શકે. આપણે પરિણામનો વિચાર શી રીતે કરી શકીએ ? ’ પણ આમ કહેવું ઉચિત નથી. આપણને જે વિચારશક્તિ પ્રાપ્ત થયેલી છે, તેનો યોગ્ય ઉપયોગ કરીએ તો પણ કાર્યનું પરિણામ શું આવશે ? તે સામાન્ય રીતે જાણી શકીએ. આપણને એમ કહેવામાં આવે કે અમુક માણસને ખોરાકમાં ઝેર અપાયું, તો આપણે તરત જ બોલી ઉઠીએ છીએ કે ‘ એ બિચારો મરણ પામ્યો હશે. ’ અથવા આપણને એમ કહેવામાં આવે કે અમુક માણસને છેલ્લા એક મહિનાથી તાજાં ઘી–દૂધ ખાવા મળે છે, તો આપણે તરત જ કહીએ છીએ કે ‘ તેનાં મોઢાં પર લાલી આવી હશે. ’ એ જ રીતે એક માણસ આળસુ હોય તો આપણે કહીએ છીએ કે ‘ તેનાથી કામ થઇ શકશે નહિ ’ અને બીજો માણસ કામગરો હોય તો કહીએ

છીએ કે 'તે લીધેલું કામ જરૂર પાર પાડશે.' આ રીતે આપણામાં પરિણામનું અનુમાન કરવાની જે શક્તિ છે, તેનો દરેક કાર્યપ્રસંગે ઉપયોગ કરવો અને તેનું પરિણામ ઇષ્ટ કે અનુકૂળ જણાય તો પ્રવૃત્તિ કરવી, અન્યથા તેનાથી દૂર રહેવું.

કોઈ પણ કાર્યનું પરિણામ આપણને સમજાતું ન હોય તો ડાહ્યા માણસોને પૂછવું અને તેઓ જે અભિપ્રાય આપે તે લક્ષમાં રાખીને કામ અંગે નિર્ણય કરવો. નીતિકારો તો એમ પણ કહે છે કે આપણે બુદ્ધિમાન હોઈએ અને સારા–ખોટાનો વિચાર કરવાને શક્તિમાન હોઈએ તો પણ બે ડાહ્યા માણસને પૂછી જોવું, જેથી આપણી કોઇ પણ સ્થળે કંઇ પણ ભૂલ થતી હોય તેની ખબર પડે અને કાર્યસિદ્ધિમાં હરકત આવે નહિ.

જેઓ પરિણામનો વિચાર કરે છે, તેઓ પાણી પહેલાં પાળ બાંધી શકે છે અને તેથી કોઈ પણ કાર્યને વણસી જતું અટકાવી શકે છે.

મનુષ્ય અનંત શક્તિનો સ્વામી છે અને તે ધાર્યું કાર્ય કરી શકે છે, એનો અર્થ એ છે કે તે ધૈર્ય રાખીને પ્રયત્ન–પ્રયાસ–પુરુષાર્થ કર્યા કરે તો છેવટે ધાર્યું પરિણામ લાવી શકે છે, પણ એનો અર્થ એ નથી કે તે ગમે ત્યારે ગમે તે કામ કરી શકે છે. વર્તમાન કાળે તો તેની શક્તિ જેટલા પ્રમાણમાં ખીલેલી હોય તેનો જ તેણે મુખ્ય વિચાર કરવો જોઈએ. અર્ધો મણ બોજો ઉચકવાની શક્તિ હોય અને તે પાંચ મણની ગુણી ઉચકવા જાય તો શી રીતે ઉચકી શકે?

અથવા પાસે પાંચ હજારનો જીવ હોય અને પચીસ હજારનું ઘર બાંધવા જાય તો શી રીતે પહોંચે?

કેટલાક માણસો પોતાની શક્તિનું વધારે પડતું મૂલ્યાંકન કરીને એક કાર્યમાં યાહોમ ઝંપલાવે છે, પણ તેનો આખરી અંજામ પ્રાયઃ બૂરો આવે છે. રાવણે પોતાની શક્તિનું વધારે પડતું મૂલ્યાંકન કરી સીતાજીનું હરણ કર્યું અને શ્રીરામચંદ્રજી સાથે વેર બાંધ્યું, તેનો અંજામ શું આવ્યો? દુર્યોધન તથા દુઃશાસને પોતાની શક્તિનું વધારે પડતું મૂલ્યાંકન કરી પાંડવોને પ્રતિસ્પર્ધી બનાવ્યા અને મહાભારતને નોતર્યું, તેનો અંજામ શું આવ્યો? વ્યાપાર તથા સટ્ટા વગેરેમાં પણ આપણે એ જ વસ્તુ જોઈએ છીએ. માણસો પોતાનાં ગજા કરતાં ઘણું મોટું કામ કરી નાખે છે અને છેવટે પાયમાલ થાય છે.

'હિંમતે મરદા તો મદદે ખુદા' અને 'સાહસ વિના લક્ષ્મી નહિ' એ બંને સૂત્રો અમારાં લક્ષમાં છે, પણ તેનો વિવેકહીન આશ્રય લેવાથી મનુષ્ય નિષ્ફળતાને નોતરે છે, એ અમારાં કથનનો મુખ્ય આશય છે.

સંયોગો અનુકૂળ ન હોય અને કામ શરુ કરવામાં આવે તો તેમાં સફળતા મળતી નથી. તાવ અને ખાંસી લાગુ પડી હોય અને બસો માઈલનો પગપાળા પ્રવાસ કરવાની ધારણા રાખીએ તો તે કેમ પાર પડે? અથવા જ્યાં બધા દિગંબરો (નગ્ન) વસતા હોય, ત્યાં ધોબીની દુકાન ખોલીએ તો એ ધંધો શી રીતે ચાલે? તે જ રીતે ઉખર ભૂમિમાં બાજરી વાવીએ તો પાક કેવો ઉતરે?

સંયોગોનું બળાબળ પારખવા માટે કુશાગ્ર બુદ્ધિની જરૂર છે, એટલે મનુષ્યે પોતાની બુદ્ધિનો બની શકે તેટલો વિકાસ કરવો જોઈએ. શિક્ષણ, સાહિત્ય, વિદ્વત્સમાગમ વગેરે તેનાં મુખ્ય સાધનો છે.

## ૯–યોજના આવશ્યક છે.

કોઈ પણ મહત્ત્વની પ્રવૃત્તિ કરવી હોય તો પ્રથમ તેની યોજના તૈયાર કરવી આવશ્યક છે. એથી તેનાં દરેક અંગોપાંગનો સૂક્ષ્મતાથી વિચાર કરી શકાય છે તથા કોઈ મોટી ભૂલ રહી જતી હોય તેનો ખ્યાલ આવી જાય છે.

મનોમન વિચાર કરતાં કેટલાક મહત્ત્વના મુદ્દા છૂટી જવાનો સંભવ રહે છે, તેથી હિતાવહ એ છે કે યોજનાને કાગળ પર ટપકાવી લેવી, તેને પોતાની નજર સમક્ષ રાખવી અને તેના બધા મુદ્દાઓ પર ક્રમશઃ વિચાર કરવો. આ રીતે બે–ત્રણ વાર કે વધુ વાર વિચાર કર્યા પછી જે યોજના તૈયાર થાય તેને ઠીક સમજવી.

આપણી પ્રવૃત્તિ અંગે કોઇનો સહકાર જોઇતો હોય–ઘણા ભાગે જોઈએ જ–તો તેને સમજાવવા માટે આ રીતે તૈયાર કરેલી યોજના ખૂબ ઉપયોગી નીવડે છે અને આપણું કામ વ્યવસ્થિત છે, એવી છાપ પડતાં ધારેલો સહકાર મળી રહે છે. માત્ર મોઢાની વાતો લેખિત યોજના જેટલી સુંદર છાપ પાડી શકતી નથી, એવો અનુભવ પણ ઘણાખરાને થયો જ હશે.

આ જમાનો પ્રચારનો ગણાય છે અને કોઈ પણ

વસ્તુનો પ્રચાર યોજના વિના થઈ શકતો નથી, એટલે આજે તો યોજનાનું સ્થાન અનિવાર્ય બન્યું છે. સરકાર, નગરપાલિકાઓ, ગ્રામ્ય પંચાયતો, સામાજિક સંસ્થાઓ તથા વ્યાપારઉદ્યોગને લગતી પેઢીઓ પોતાની યોજનાઓ કેવા રૂપરંગમાં બહાર પાડે છે, તે કોઈથી અજાણ્યું નહિ હોય. તાત્પર્ય કે બેસતો રાજા અને આવતી વહુ પ્રથમ દર્શને જે જાતની છાપ પાડે છે તે જ લોકોનાં મન ઉપર વધારે અસર કરે છે, તેમ સુંદર અને સુવ્યવસ્થિત રૂપે બહાર પડેલી યોજના લોકોનાં મન પર ઘણી અસર કરે છે અને તેથી કરવા ધારેલી પ્રવૃત્તિમાં સુયશ સાંપડે છે.

અહીં એ સ્પષ્ટતા કરી લઈએ કે યોજના સુંદર હોય પણ તેનો અમલ કરવાની આવડત કે કાળજી ન હોય તો કાર્યસિદ્ધિ થતી નથી, એટલે યોજના ઉપરાંત કામ કરવાની આવડત પણ કેળવવી જોઈએ.

## ૧૦–ફળ માટે અધીરા થશો નહિ.

કોઈ પણ ક્રિયાનું ફળ તરત ન દેખાય તેટલા પરથી જ ક્રિયા નિષ્ફલ ગઈ છે, એમ માની લેવું નહિ. કેટલીક ક્રિયાઓ જ એવી હોય છે કે જેનું ફલ અમુક અવસ્થાએ કે અમુક સમયે જ દેખાય. દાખલા તરીકે બીજમાંથી ફલ થાય છે, એ હકીકત નિર્વિવાદ છે, પણ તેનો અર્થ એ નથી કે આજે બીજ વાવીએ ને કાલે ફલની પ્રાપ્તિ થાય. પ્રથમ બીજમાંથી અંકુર ફૂટે છે, તેમાંથી સ્કંધ (થડ) થાય છે, તેમાંથી શાખા–પ્રશાખા (ડાળી–ડાંખળા) નો વિસ્તાર થાય છે, એ શાખા–પ્રશાખાને પત્રો આવે છે,

પુષ્પો આવે છે ને ત્યાર પછી ફળ આવે છે. ફલપ્રાપ્તિનો આ ક્રમ સમજ્યા વિના કોઈ મનુષ્ય માત્ર સ્કંધ કે માત્ર શાખા જોઈને એમ કહે કે હજી પણ ફળ આવ્યું નહિ, માટે આ બીજ વાવવાની ક્રિયા નિષ્ફળ છે, તો તે ઉચિત નથી.

બળ, વિદ્યા, ધન અને યશ–લાભની બાબતમાં પણ આવો જ ક્રમ જોવામાં આવે છે.

આજે સાત્ત્વિક ભોજન લીધું અને કાલે બલપ્રાપ્તિ થાય એમ બનતું નથી. ભોજન પેટમાં ગયા પછી તેનો રસ થાય છે, તેમાંથી રુધિર બને છે અને તેમાંથી અનુક્રમે માંસ, મેદ, અસ્થિ, મજ્જા તથા શુક્ર (વીર્ય) બને છે. આ રીતે જ્યારે શરીરમાં ઉત્તમ વીર્યનો સંચય થાય ત્યારે બળનો અનુભવ થાય છે. હવા ખાવાથી શરીર સારું થાય છે, એમ કહેવાનો અર્થ એ નથી કે આજે હવા ખાધી અને કાલે શરીર સારું થાય. તે માટે અમુક દિવસ સુધી નિયમિત હવા ખાવી જોઈએ અને તો જ તેનું પરિણામ દેખાય. વ્યાયામથી શરીર સુધરે છે, એનો અર્થ પણ એ જ છે કે જેઓ અમુક સમય સુધી નિયમિત વ્યાયામ કરે છે, તેનું શરીર સુધરે છે.

એક મનુષ્ય વિદ્યા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી શાળા-પાઠશાળામાં જાય છે, પણ દાખલ થયા પછી પાંચ–પંદર દિવસમાં કે મહિના–બે મહિનામાં જ તેને વિદ્યાની પ્રાપ્તિ થઈ જતી નથી. તે માટે અમુક વર્ષો સુધી અનેક વિષયોનો ક્રમશઃ અભ્યાસ કરવો પડે છે.

ધનપ્રાપ્તિના ઉદ્દેશથી કોઈ પણ વ્યાપાર કે ધંધો

શરુ કરવામાં આવે તો તરત જ લાભ થવા માંડતો નથી. પ્રારંભમાં અનેકવિધ અગવડો કે મુશ્કેલીઓ હોય છે, તે ધીરજથી ઓળંગવામાં આવે અને પ્રયાસ એક સરખો ચાલુ રાખવામાં આવે તો જ તે વ્યાપાર કે ધંધો જામે છે અને તેમાંથી ધનની પ્રાપ્તિ થાય છે. આટલી સાદી વાત ન સમજતાં જે લોકો તરત ફળની આશા રાખે છે અને તે ન દેખતાં તેને નિષ્ફળ માની લેવાની ઉતાવળ કરે છે, તેની હાલત ઘણી કફોડી થાય છે. તે બીજો વ્યાપાર કે ધંધો શરુ કરે તેમાં પણ પ્રારંભિક મુશ્કેલીઓ નડે છે અને તેથી તરત નફો દેખાતો નથી, એટલે તે છોડીને ત્રીજા ધંધામાં ઝંપલાવે છે. આમ વારંવાર વ્યાપાર–ધંધો બદલતાં અને તેમાં અમુક નુકશાન ખાતાં આખરે મૂડી ખલાસ થાય છે અને દેવાદાર બનવાનો વખત આવે છે.

પરિણામ માટે અધીરા કે ઉતાવળા થવાથી કેવી સ્થિતિ થાય છે, તે સંબંધી અહીં એક દૃષ્ટાંત રજૂ કરીશું. એક વ્યાપારીને કોઈ ભૂસ્તરશાસ્ત્રી તરફથી સમાચાર મળ્યા કે અમુક જમીનમાંથી સોનું નીકળે તેમ છે, એટલે તેણે એ જમીન ખરીદી લીધી, ખોદકામનાં યંત્રો વસાવ્યાં અને કામ ચાલુ કર્યું. પરંતુ ભૂસ્તરશાસ્ત્રીએ કહ્યું હતું તેટલી ઊંડાઈએ સોનું નીકળ્યું નહિ, એટલે તે વ્યાપારીનાં મનમાં અનેક જાતની શંકાઓ થવા લાગી. 'આ જમીનમાંથી સોનું નીકળશે કે કેમ? પેલા ભૂસ્તરશાસ્ત્રીએ મને છેતર્યો તો નહિ હોય? મારા પર ખર્ચ તો ચડી જ રહ્યો છે. આવો ખર્ચ ક્યાં સુધી ચડાવવો?' વગેરે વગેરે. આથી

તે પેલા ભૂસ્તરશાસ્ત્રીને ફરી મળ્યો અને 'આ જમીનમાંથી સોનું નીકળશે કે કેમ ? અને નીકળશે તો કેટલી ઊંડાઇએ નીકળશે ?' એ જાણવાની માગણી કરી.

ઉત્તરમાં ભૂસ્તરશાસ્ત્રીએ જણાવ્યું કે 'મેં આજ સુધી અનેક જાતની જમીનો તપાસી છે, તેથી તેનાં લક્ષણોથી પૂરેપૂરો પરિચિત છું. તેના આધારે તમને જણાવું છું કે આ જમીનમાંથી સોનું અવશ્ય નીકળશે. ઊંડાઈની આગાહીમાં વખતે થોડો ફેર પડે, પણ તેથી આપે નિરાશ થવાની કોઈ જરૂર નથી.'

આ પરથી પેલા વ્યાપારીએ ખોદકામ આગળ ચલાવ્યું, પણ 'આ જમીનમાંથી સોનું નીકળશે કે કેમ ?' એ બાબતમાં તેના મનમાં શંકા થયા જ કરતી હતી અને શંકાનું બળ ધૈર્ય ઘટાડે છે, એટલે એક દિવસ તેનાં ધૈર્યનો અંત આવી ગયો. પરિણામે તેણે પોતાની જમીન તથા યંત્રસામગ્રી વગેરે વેચી નાખવાનો અને જેટલા પૈસા ઉપજે તેટલા લઈ લેવાનો નિર્ણય કર્યો.

કોઈ પણ વસ્તુ ખરીદવી હોય તો મોંમાગ્યું મૂલ્ય આપવું પડે છે અને વેચવા જઈએ તો પાણીનાં મૂલ્યે વેચાય છે, એટલે આ વ્યાપારીને જમીન તથા યંત્રસામગ્રીનાં ચોથા ભાગનાં નાણાં ઉપજ્યાં અને લાખો રૂપિયાની ખોટ ગઈ.

જેણે આ જમીન તથા યંત્રસામગ્રી ખરીદી હતી, તેણે વિચાર કર્યો કે 'આ બધી વસ્તુ મને ખૂબ સસ્તી પડી છે, એટલે અમુક ઊંડાણ સુધી હું ખોદકામ કરાવું

તો પણ મને ભારે પડશે નહિ. માટે મારે પેલા ભૂસ્તરશાસ્ત્રીનાં વચન પર ભરોસો રાખીને કામ આગળ ચલાવવું.' આમ વિચારીને તેણે ખોદકામ ચાલુ કર્યું અને માત્ર સો-બસો ફૂટ જમીન ખોદી ત્યાં જ સોનું મળી આવ્યું.' આથી જમીન ખરીદનારને ઘણો લાભ થયો. આ સમાચાર પેલા વ્યાપારીને મળ્યા ત્યારે તેણે કપાળ કૂટયું. પણ આ સ્થિતિ માટે તેની અધીરાઈ જ જવાબદાર હતી.

યશ-લાભની પ્રાપ્તિ માટે પણ પણ આવું જ સમજવાનું છે. સારું કામ કરવાથી યશની પ્રાપ્તિ થાય છે, એનો અર્થ એ નથી કે એક સારું કામ કર્યું કે તરત જ યશની પ્રાપ્તિ થઈ જાય. સંભવ છે કે એ વખતે લોકો આપણને બરાબર સમજ્યા ન હોય, એટલે અનેક પ્રકારના કુતર્કો કરે, આપણી ભૂલો કાઢે કે આપણી દાનત ઉપર આક્ષેપો કરે અને તેનું સાચું મૂલ્યાંકન ન કરે. પણ આવી બાબતોથી ક્ષોભ ન પામતાં સારું કામ કરવાની પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે તો યશપ્રાપ્તિ થયા સિવાય રહેતી નથી. મહાત્મા ગાંધીજીએ આ દેશમાં રાષ્ટ્રીય ચળવળ શરૂ કરી, ત્યારે તેમની સામે કેટલા આક્ષેપો થયા હતા? પણ તેઓ એનાથી ક્ષોભ પામ્યા નહિ અને પોતે જે પ્રવૃત્તિને સારી કે શુભ માની હતી, તેને બરાબર વળગી રહ્યા તો આખરે રાષ્ટ્રપિતા બન્યા અને મહાન યશના ભાગી થયા. આજે જગત્ આખું તેમનું નામ યાદ કરે છે. કવિ, લેખક અને ચિત્રકારોને શરૂઆતમાં કડવા જ અનુભવો થાય છે. તેમની કૃતિઓની ખાસ કદર થતી

નથી. પણ તેઓ ઉત્તરોત્તર સારાં કાવ્યો, સારા લેખો કે સારાં ચિત્રો આપતા રહે છે તો આખરે એક દિવસ યશની કલગી તેમનાં શિર પર ફરફરવા લાગે છે.

રોગનિવારણ, યોગક્રિયા, મંત્રસાધન તેમજ ધર્મારાધનની બાબતમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તે છે. ઘણા માણસો પોતાને લાગુ પડેલા રોગનું નિવારણ કરવામાં સફળ થતા નથી, તેનું એક કારણ એ હોય છે કે તેઓ કોઈ પણ ઉપચાર ધૈર્યપૂર્વક અમુક સમય સુધી કરતા નથી. આજે એક ઉપચાર તો કાલે બીજો ઉપચાર, આજે એક દવા તો કાલે બીજી દવા એમ ફેરફાર કર્યા જ કરે છે, તેથી ઉપચારનો ફાયદો શી રીતે મળે?

નથુભાઈની આંખે આંજણી થઈ, એટલે તેમણે એક મિત્રને ઉપાય પૂછ્યો કે 'શું કરવું?' તે મિત્રે કહ્યું કે 'તેના પર કાળી શાહી લગાડી દો, એથી ફાયદો થશે.' આથી નથુભાઈએ તેના પર કાળી શાહી લગાડી. સાંજે એક બીજા મિત્ર મળ્યા. તેમણે પૂછ્યું કે 'આ શું થયું છે?' ત્યારે નથુભાઈએ જણાવ્યું કે 'આંખે આંજણી થઈ છે અને તેના પર કાળી શાહી લગાડી છે.' એ સાંભળી પેલા મિત્રે કહ્યું કે 'તમે ભલા માણસ છો કે જે-તેનું માની લો છો. આમાં કાળી શાહીથી ફાયદો ન થાય. એના પર તો કેસર લગાડવું જોઈએ કેસર!' એટલે નથુભાઈએ કેસર વાટીને તેના પર ચોપડ્યું. બીજા દિવસે એક ઓળખીતા ડોશીમા મળ્યા. તેમણે પૂછ્યું કે 'આ શું થયું છે?' નથુભાઈએ કહ્યું કે 'મા! આંખે આંજણી થઇ છે

ને તેના પર કેસર લગાડયું છે.’ એ સાંભળી ડોશીમાએ કહ્યું કે ‘એના પર કેસરથી કંઈ ફાયદો ન થાય. આંબલીનો કચૂકો ઘસીને લગાડો, એટલે તરત ફાયદો થશે. મેં એ રીતે ઘણાની આંજણીઓ મટાડી છે.’ એટલે નથુભાઈએ કેસર ભૂંસી નાખ્યું અને આંબલીનો કચુકો ઘસીને ચોપડયો. આ રીતે બીજા પણ બે ચાર ઠંડા–ગરમ ઉપચારો ઉપરાઉપરી કર્યા, એટલે આંજણી વકરી અને આંખ પર મોટો સોજો આવી ગયો. આખરે તેમણે એક અનુભવી વૈદ્યનો આશ્રય લીધો અને તેનો ઉપચાર અમુક વખત સુધી ચાલુ રાખતાં સારું થઈ ગયું. તાત્પર્ય કે જે ઔષધથી રોગનિવારણમાં સફળતા મળે તેમ હોય, તેનાં ફળ માટે અધીરા થઇ તેને છોડી દેતાં પરિણામ માઠું આવે છે.

યોગમાં પણ આજે ક્રિયા કરી અને કાલે ફાયદો દેખાય તેવું હોતું નથી. તેની ક્રિયાઓ અમુક વખત સુધી નિયમિત કરવામાં આવે ત્યારે જ તેનો લાભ દેખાય છે. થોડા દિવસ આસન કર્યા કે પ્રાણાયામ કર્યો અને કેટલો લાભ થયો? તે તપાસવા માંડયું કે યોગસાધકના પગ ઢીલા પડવા માંડે છે અને જે ક્રિયા ખરેખર ફાયદો પહોંચાડનારી હોય તે છૂટી જાય છે.

મંત્રસાધનામાં પણ જપ કે અનુષ્ઠાનની પૂર્ણાહુતિ થયા સિવાય ફળની આશા રાખવી વ્યર્થ છે. ઘણા મનુષ્યો કોઇ અનુષ્ઠાનની શરૂઆત કરે છે અને ફલ સંબંધી વિચારો કરવા લાગી જાય છે તથા મનથી દેવની પાસે

વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરનો મહામંત્ર અહિંસા
ભારતને ખૂણે ખૂણે અને અન્ય દેશોમાં

## અહિંસાપ્રચાર અને અભયદાનના

વ્યાપક કાર્યો કરતી

### મુંબઈની શ્રી જીવદયામંડળીને સહાય કરી

— અભયદાનનું પુન્ય મેળવો. —

રૂા. ૧૦૦૧), રૂા. ૫૦૧ કે ૨૫૧) સ્થાયી ફંડમાં આપી
અનુક્રમે મંડળના પેટ્રન, ડોનર કે લાઈફ મેમ્બર બનો.

— ઐચ્છિક મદદો મોકલી સહાય કરો. —

મદદ મોકલવાનું ઠેકાણું :—
માનદ મંત્રીઓ

**મુંબઈની શ્રી જીવદયામંડળી.**

૧૪૯, શરાફ બજાર, મુંબઈ–૨

## ત્રિવિધ સેવા

**લેખન :** જીવનચરિત્રો, નિબંધો, લેખો, વિવેચનો, કથાઓ તૈયાર કરી આપવામાં આવે છે.

**મુદ્રણ :** અમારી દેખરેખ નીચે પુસ્તકો સુંદર રીતે છપાવી આપીએ છીએ. તેને લગતાં ચિત્રો, બ્લોકો પણ તૈયાર કરી આપીએ છીએ.

**પ્રકાશન :** અમારી મારફત છૂટક પુસ્તકો તથા ગ્રંથમાલા રૂપે પુસ્તકો પ્રકટ કરાવવા હોય તે પણ કરી આપવામાં આવે છે.

વિશેષ જાણવા પત્રવ્યવહાર કરો—

**જૈન સાહિત્ય - પ્રકાશન - મંદિર**

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

# આધ્યાત્મિક સાહિત્યની રસલ્હાણુ

પૂજ્યપાદ મુનિવર્ય શ્રી ભાનુવિજયજી ગણિવરના સંવેગવૈરાગ્ય તરબોળ સાહિત્યનું પ્રકાશન '**દિવ્યદર્શન**' સાપ્તાહિક દ્વારા છેલ્લા સાત વર્ષોથી થઈ રહ્યું છે. દર શનિવારે ઘેરબેઠાં એ પત્ર જીવનનાં કેઈ પરમ સત્યોને સમજાવી જાય છે, કેઈ મહાન કર્તવ્યોનો સાદ દઈ જાય છે. એનું નિયમિત વાંચન કરનાર નરનારીઓને આધ્યાત્મિક સાહિત્યની રસલ્હાણુ મળે છે.

આ ઉપરાંત તેઓશ્રીનાં રચેલાં પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં છે અને થઈ રહ્યાં છે. તેમાં **ઉચ્ચ પ્રકાશના પંથે**, **યોગદૃષ્ટિ-સમુચ્ચય** (**પીઠિકા**), **ગંગાપ્રવાહ**, **વાર્તા વિહાર**, **નિશ્ચય-વ્યવહાર**, **અરિહંત પરમાત્માની ઓળખાણુ**, **પ્રેરણા**, **પ્રીતની રીત**, **પ્રભુનો પંથ**, **સમરાઇચ્ચકહા** (ગુણુસેન–અગ્નિશર્મા), વગેરે પુસ્તકો મુખ્ય છે.

તાજેતરમાં તેઓશ્રીની તર્કપરિશુદ્ધ અને પદાર્થભરપૂર કલમે પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વર વિરચિત **લલિતવિસ્તરા** ગ્રંથનું ગુજરાતી (પરમતેજ) તથા હિંદી (પ્રકાશ) ભાષામાં રોચક વિવેચન થઈ રહેલું છે. બે ભાગમાં ગ્રંથ પ્રકાશિત થશે. પ્રત્યેક ભાગની કિંમત ૫–૫૦ રૂપિયા રાખવામાં આવેલી છે.

દિવ્યદર્શન સાપ્તાહિક તથા ઉપર્યુક્ત સાપ્તાહિક અંગે નીચેનાં સરનામે પત્રવ્યવહાર કરો.

**દિવ્યદર્શન કાર્યાલય**

**ઠે. ચતુરદાસ ચીમનલાલ શાહ**

કાળુશીની પોળ, **અમદાવાદ.**

**તા. ક:**–ઉપધાનરહસ્ય, ઉપધાનસ્વરૂપ અને ઉપધાનચિંતન એ પુસ્તિકાઓ પણ અહીંથી મળી શકશે.

પોતાની ઈચ્છિત વસ્તુની માગણી કરતા રહે છે, પણ એ રીતે તેમની ઇચ્છા પૂર્ણ શી રીતે થાય? જો બેંકમાં રૂપિયા જમા હોય તો જ ચેક સીકરાય છે, તેમ આ વિષયમાં પણ જપ કે અનુષ્ઠાનની પૂરી મૂડી જમા થઈ હોય તો જ વરદાન મળી શકે છે.

ધર્મારાધનમાં વિચિકિત્સા એટલે 'ફલ મળશે કે નહિ?' એવા વિચારને મોટો દોષ ગણેલો છે, કારણ કે બધાં ધર્મારાધનનું ફળ તરત કે તાત્કાલિક દેખાતું નથી. આ સંયોગોમાં ફળનો વિચાર કર્યા કરવાથી ધર્મારાધનમાં શિથિલતા આવે છે અને પરિણામે છોડી દેવાનો વિચાર થાય છે. તેમાં તો 'સત્ક્રિયાનું ફળ મળ્યા વિના રહેતું નથી' એ શ્રદ્ધાથી જ કામ લેવાનું હોય છે અને તે જ આખરે ફળદાયી થાય છે.

તાત્પર્ય કે જે પ્રવૃત્તિ વ્યવસ્થિત ચાલી રહી હોય તેનાં ફળને માટે અધીરા થવું યોગ્ય નથી. તેનો સમય થતાં ફળ અવશ્ય મળશે, એમ માનીને ચાલવું એ જ હિતાવહ છે.

## ૧૧–મિત્રો વધારો

મિત્રો વધારે હોય તો ધાર્યું કામ થઈ શકે છે અને સંકટ સમયે મોટી સહાય મળે છે, તેથી જીવનમાં ઝળકતી ફત્તેહ ઇચ્છનારે મિત્રોની સંખ્યા વધારવી જોઇએ.

કેટલાક કહે છે કે 'એ તો અમે પણ જાણીએ છીએ, પણ અમારા મિત્રોની સંખ્યા વધતી નથી, માટે તેનો કોઈ સિદ્ધ ઉપાય હોય તો બતાવો.' આ બંધુઓને અમે જણાવવા ઈચ્છીએ છીએ કે 'હળતાં મળતાં રહેવું, મધુર વાણીનો ઉપયોગ કરવો

અને સહૃદયતા દાખવવી, એ મિત્રો વધારવાના સિદ્ધ ઉપાયો છે. એટલે તમે અતડા રહેતા હો, કોઈની સાથે જલ્દી ભળતા ન હો કે દરેક બાબતમાં તમારો ચોતરો જુદો રાખતા હો તો પ્રથમ તેને દૂર કરો. તમે પાડોશીઓની સાથે ભળવાનું રાખો, સગાંસંબંધી તથા નાતીલા–જાતીલાઓને મળતા રહો તથા વ્યાપારધંધા અંગે અનેક મનુષ્યના પરિચયમાં આવતા હશો તેમની ઓળખાણ તાજી રાખો. એક માણસ સાથે સામાન્ય ઓળખાણ થઈ હોય તે સામો મળે ત્યારે તેને બે હાથ જોડીને નમસ્કાર કરો અને 'કેમ મજામાં ?' 'ઘરે બધા કુશળ ?' 'આપણે ત્યાં ક્યારે પધારશો ?' 'મારે લાયક કંઈ કામકાજ ?' વગેરે મધુર વચનો બોલવાથી તેની સાથેનો સંબંધ વધશે અને તે તમારો મિત્ર બનશે. તેના પ્રત્યે તમે સહૃદયતા દાખવશો અને બનતી સહાય કરશો તો તમારી એ મિત્રતા વજ્રલેપ જેવી દૃઢ થશે અને સમય આવ્યે ખૂબ કામ આપશે.'

અહીં એટલું સ્પષ્ટ કરવું આવશ્યક છે કે જે મનુષ્ય સ્વભાવથી દુષ્ટ હોય તેની મિત્રતા કરવી નહિ, કારણ કે તેનાથી આપણને કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી, પણ નુકશાન અવશ્ય થાય છે. હંસ ને કાગડાની મિત્રતા થઈ, બંને સાથે ચાલ્યા અને રસ્તે એક વૃક્ષ ઉપર વિરામ કર્યો. ત્યાં કાગડો નીચે સૂતેલા એક મુસાફર પર ચરક્યો અને તેનાં બધાં કપડાં બગાડયાં. આથી તે મુસાફર અત્યંત ક્રોધમાં આવી ગયો અને ધનુષ્ય પર બાણ ચડાવી ઉપર જોવા લાગ્યો. એ વખતે કાગડો ઉડી ગયો હતો, એટલે

માત્ર હંસ તેની નજરે પડ્યો. આ હંસ પર તેણે તીર છોડ્યું અને હંસને તે બરાબર વાગતાં તેના પ્રાણ નીકળી ગયા !

કોઈ એમ માનતું હોય કે દુષ્ટને સુધારી લઈશું તો એ કામ સરળ નથી. અનુભવીઓએ કહ્યું છે કે—

દુષ્ટ ન છોડે દુષ્ટતા, લાખ શિખામણ દેત;
જેમ બહુ બહુ ધોયા છતાં, કાજળ હોય ન શ્વેત.

અહીં પ્રસંગવશાત્ એ પણ કહી દઈએ કે દુષ્ટની મિત્રતા તો દૂર રહી, પણ તેની નજીક જવામાં યે સાર નથી. બાવળ કે બોરડીની નજીક જઈએ તો બે–ચાર કાંટા અવશ્ય વાગે છે. પરંતુ દુષ્ટને પારખવાનું કામ સહેલું નથી, તે મુખના મીઠા હોય છે અને વાતો એટલી સફાઈથી કરી જાણે છે કે ભલભલા માણસો પણ ભોળવાઈ જાય છે.

અમારા એક મિત્ર જે બહુ પાકા ગણાતા તેમનો આ કિસ્સો છે. તેઓને રેલ્વેનો પ્રવાસ કરતાં એક નવયુવાન સાથે ઓળખાણ થઈ અને તેની બોલવાની સફાઈ પરથી તેને સજ્જન માની 'મુંબઈ આવો ત્યારે મારે ત્યાં જરૂર પધારજો' એમ કહી પોતાનું સરનામું આપ્યું. કેટલાક દિવસ પછી એ યુવાન એક પેટી ને એક બીસ્ત્રો લઈ અમારા મિત્રને ત્યાં આવ્યો. અમારા મિત્રે તેને આવકાર આપ્યો ને પોતાને ત્યાં ઉતારો આપી સાથે જમાડયો.

સાંજે એ નવયુવાને કહ્યું કે 'મારે ખાસ કરીને સરકારી અમલદારો સાથે કામ હોય છે અને તે અંગે ઘણા અગત્યના કાગળો મારી પાસે હોય છે, એટલે તમારી

ઉપરની ઓરડીમાં રહેવાનું મને ઠીક પડશે.' અમારા મિત્રને પોતાનો જ માળો હતો અને આ ઓરડી ખાલી હતી, એટલે આપવામાં કંઈ હરકત ન લાગી. પેલા નવયુવાને આભાર માની પોતાનો સરસામાન તેમાં ગોઠવી દીધો.

બીજા દિવસે પણ અમારા મિત્રે તેને સાથે જમવાનું આમંત્રણ આપ્યું અને 'અહીં રહો ત્યાં સુધી જમવાનું અમારે ત્યાં રાખજો' એવો આગ્રહ કર્યો, પણ પેલા નવયુવાને 'મારાં કામનું ઠેકાણું નહિ, ઘણું મોડું થઈ જાય' વગેરે કહીને તે આમંત્રણનો સ્વીકાર કર્યો નહિ.

તે યુવાન બપોરે બેત્રણ વાગે આવે, આજે આમ કર્યું, તેમ કર્યું વગેરે વાતો કરી જાય અને રાત્રે મોડેથી પોતાની ઓરડીમાં પાછો ફરે. આ રીતે દશેક દિવસ વ્યતીત થયા પછી તે એક દિવસ અગિયાર વાગતાં ઘરે આવ્યો ને મારું કામ પતી ગયું છે, માટે રજા લઈશ એમ કહીને પોતાનો સરસામાન લઈ વિદાય થયો. અમારા મિત્રે તેમને ભાવભરી વિદાય આપી.


' પછી આશરે ત્રણ વાગે તેઓ પોતાના માળામાંથી નીચે ઉતર્યા, ત્યાં ત્રણ–ચાર માણસોએ સામે આવીને તેમને કહ્યું કે 'અમે તમારી જ રાહ જોતા હતા.' અમારા મિત્ર આમાંના કોઈ પણ માણસને ઓળખતા ન હતા, એટલે તેમને આ મુલાકાત વિચિત્ર લાગી, પણ પોતાનો મનોભાવ વ્યક્ત ન થવા દેતાં પૂછ્યું કે 'તમે શા માટે મારી રાહ જોતા હતા?' પેલાઓએ કહ્યું કે 'આપ આવો સવાલ કેમ કરો છો? આપે વલણ માટે ત્રણ

# સેવા જ ખરી ગણનાપાત્ર છે.

તમે આગ, દરિયાઈ તથા અકસ્માતના વીમાઓનું જે પ્રીમીયમ ભરો છો, તે ઇન્સ્યુરન્સ એસોસીએશન ટેરીફ દ્વારા નક્કી થાય છે, અથવા ખુલ્લા બજારની અંદર મુક્ત હરિફાઈના નિયમો વડે નક્કી થાય છે. પણ ન્યૂ ઈંડિયાએ જનરલ વીમાનાં ક્ષેત્રમાં જે આગેવાની-ભર્યું આજનું સ્થાન મેળવ્યું છે, તેનું કારણ એ છે કે તે પોતાના ગ્રાહકોની જરૂરીઆતો પર ખાસ લક્ષ આપે છે અને તે પોલીસી વેચતાં પહેલાં તેમજ પછીથી તમને સંતોષકારક સેવા પૂરી પાડે છે.

ધી ન્યૂ ઈંડિયા એશ્યુરન્સ કું., લીમીટેડ

મહાત્મા ગાંધી રોડ, મુંબઈ.



# રામતીર્થ બ્રાહ્મી તેલ

[ સ્પેશીઅલ નં. ૧ ]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪-૦૦, નાની બાટલીના રૂા. ૨-૦૦

---

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨-૫૦

---

## શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ-૧૪

વાગ્યાનો વાયદો કર્યો, એટલે અમે ત્રણ વાગ્યે અહીં આવ્યા છીએ.' અમારા આ મિત્રે જીંદગીમાં કોઈ વાર સટ્ટો કર્યો ન હતો કે આંકડા–ફીચરની ગંધ પણ લીધી ન હતી, એટલે વલણની વાતથી વિચારમાં પડી ગયા. તેમને એમાં કંઈ સમજાયું નહિ, એટલે ફરી પ્રશ્ન કર્યો કે 'શેનું વલણ અને શી વાત ? હું કોઈ જાતનો સટ્ટો કરતો નથી.'

પેલાઓએ કહ્યું કે 'આપના જેવા મોટા માણસ આવું જૂઠું બોલે તે ઠીક નથી. રોજ હજારો રૂપિયાની તેજી–મંદી ખેલો છો અને ઉપરથી કહો છો કે હું કોઈ જાતનો સટ્ટો કરતો નથી?'

અમારા મિત્રે કહ્યું કે 'તમે આ શું બોલો છો? એ વાત બીજા કોઈની હશે, મારી નહિ. મેં તો જીંદગીમાં ત્રણ પાઈનો પણ સટ્ટો કર્યો નથી.'

પેલાઓએ કહ્યું કે 'શેઠ! આજે તો નાનામોટા બધા સટ્ટો કરે છે, એટલે વાત છુપાવવાનો કોઈ અર્થ નથી. આપ પોતે સોદો ન કરો અને માણસને મોકલી સોદો કરાવો એ બધું સરખું જ ને?'

અમારા મિત્રે કહ્યું: 'મેં આવા કામ માટે કોઈ માણસ રાખ્યો નથી કે કોઈ સોદો કરાવ્યો નથી.'

પેલાઓએ કહ્યું કે 'તમે કોઈ માણસ નહિ રાખ્યો હોય તો કોઈ સગાંવહાલાંને રાખ્યો હશે. તમારો ભાણેજ આવીને રોજ બજારમાં તમારા નામથી સોદા કરી જતો અને વલણના પૈસા લઈ જતો. આજે અમારે વલણના પૈસા લેવાના

છે, એટલે તેણે કહ્યું કે શેઠ પોતે વલણના પૈસા આપશે. તમે ત્રણ વાગે માળા નીચે આવીને બેસજો, એટલે અમે આવ્યા છીએ. માટે અમારાં વલણના પૈસા આપી દો.'

આ ખુલાસાથી અમારા મિત્રની સમજમાં આવી ગયું કે પોતે જે યુવાનને ઉતારો આપ્યો હતો, તે જ બજારમાં જઈને પોતાનાં નામે ફીચરનો ધંધો કરી આવતો હતો અને એ રીતે પૈસા લઈ આવતો હતો. આજે વલણ ચૂકવવાનું આવ્યું, એટલે જ તે અગિયાર વાગ્યે પોબારા ગણી ગયો. હવે શું કરવું? જો વધારે ખટપટ થશે તો આ મવાલીઓ ધાંધલ કરશે ને મારી આબરૂ જશે. એટલે તેમણે પૂછ્યું કે 'તમારે વલણના કેટલા રૂપિયા લેવાના છે?'

પેલાઓએ કહ્યું કે 'રૂપિયા સાડા આઠસો.' એટલે અમારા મિત્રે પોતાને ત્યાંથી રૂપિયા સાડા આઠસો લાવીને ચૂપચાપ ચૂકવી આપ્યા ને જીંદગીમાં એક નવો પાઠ શીખ્યા.

તાત્પર્ય કે મિત્રો વધારવાની જરૂર છે, પણ તે જોઈને વધારવા અને તેના લીધે આપણે ફસાઈ જવાનો વખત ન આવે તેની સાવચેતી રાખવી.

## ૧૨-હાથ ધરેલાં કામમાં પૂરી શક્તિ રેડો.

કેટલાક માણસો વિચાર-યોજનાપૂર્વક કામ હાથ ધરે છે પણ તેમાં પોતાની શક્તિ જોઈએ તેટલી રેડતા નથી, એટલે એ કામ વણસી જાય છે અને પોતાનાં લલાટે નિષ્ફળતાનો લેખ લખાય છે, તેથી જે કામ હાથ ધરવું તેમાં પોતાની શક્તિ પૂરેપૂરી રેડવી.

પુરુષાર્થનાં પાંચ પગથિયામાં ત્રીજું પગથિયું બળ


Elegance
in Velvet
Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.
Ashok
ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.
FABRICS
Selling Agents: Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.
M. J. Market, Bombay 2.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

શ્રી શ્રાવકશ્રાવિકાક્ષેત્ર ઉત્કર્ષ-મુંબાઈ સમિતિ સંચાલિત

# ઉદ્યોગગૃહ

સાધર્મિકવાત્સલ્ય, જાતમહેનત અને ગૃહઉદ્યોગને ઉત્તેજન આપી રહ્યું છે.

તેની એકવાર અવશ્ય મુલાકાત લેવા વિનંતિ છે.'

ટે. નં. ૭૪૮૩૬

—ઉદ્યોગગૃહમાં ચાલતા પરિશ્રમાલય અને શિક્ષણવિભાગમાં ૫૫૦ થી ૬૦૦ જેટલાં ભાઈ-બહેનો લાભ લઈ રહ્યાં છે.

—ઉત્પાદન વિભાગમાં દરેક વસ્તુ પૂરી કાળજીથી સફાઈબંધ બનાવવામાં આવે છે અને તે વેચાણવિભાગની દુકાનમાંથી મળી રહે છે.

—ટેલીફોનથી ઓર્ડરો નોંધી લેવાની તથા માલ ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

—ખાખરા, પાપડ, ચાહ-દૂધના મશાલા, અથાણાના મશાલા, ચૂર્ણો, સરબત વગેરે અનેક વસ્તુઓ તૈયાર થાય છે.

—સીલાઈ વિભાગમાં સ્ત્રી-પુરુષોને મનપસંદ કપડાં સીવી આપવામાં આવે છે.

—ઉપરાંત ટાઈપરાઈટીંગ, શોર્ટહેન્ડ, કોરસપોન્ડન્સ, એકાઉન્ટસી તથા પાકા નામાનાં વર્ગો ચાલે છે.

એટલે આ ઉદ્યોગમંદિર

આપની અનેકવિધ ઘરગથ્થુ વસ્તુઓની જરૂરીઆતો પૂરી પાડી શકે તેમ છે.

૧૦૯-૧૧૭, સી. પી. ટેન્ક રોડ, માધવબાગ પાસે,

મુંબઈ. નં. ૪

છે અને ચોથું પગથિયું વીર્ય છે, એટલે હાથ ધરેલાં કાર્યમાં શરીર અને આત્મા બંનેની શક્તિ રેડવાનો ઉપદેશ છે, તે આપણે ભૂલવાનું નથી.

આપણી અનેક સંસ્થાઓ આજે પ્રાણહીન કે નિષ્ક્રિય દેખાય છે અને મરવાના વાંકે જ જીવે છે, તેનું મુખ્ય કારણ એ છે કે તેનાં પ્રમુખપદે, ઉપપ્રમુખપદે તેમજ મંત્રી અને સભ્યપદે આવનારાઓ તે અંગે પોતાની શારીરિક કે માનસિક કોઈ શક્તિ તેમાં પૂરેપૂરી રેડતા નથી. તેઓ થોડા પૈસાનું દાન કરીને એમ સમજે છે કે અમે અમારું કર્તવ્ય બજાવ્યું, પણ આ સમજ ખોટી છે. કાર્યસિદ્ધિ માટે ધનના ભોગ ઉપરાંત તન અને મનના ભોગની પણ જરૂર છે.

દાનવીર કાર્નેગીએ પોતાનાં પાછલાં જીવનમાં ત્રીશ ક્રોડ રૂપિયા સખાવત માટે કાઢયા હતા, પણ તે રૂપિયા એમને એમ આપી ન દેતાં તેને લગતી યોજનાઓ જાતેજ ઘડી હતી અને તેના કરારના મુસદ્દા પણ પોતે જ તૈયાર કર્યા હતા. આ કામ કરવામાં તેમણે ખૂબ પરિશ્રમ વેઠયો હતો અને દશ વર્ષ જેટલો સમય આપ્યો હતો.

## ૧૩–વિઘ્નોથી ડરો નહિ.

કોઈ પણ કાર્યમાં વિઘ્ન તો આવે જ છે. ખાસ કરીને સારાં કામમાં વિઘ્નો વિશેષ આવે છે. તેથી જ '**श्रेयांसि बहुविघ्नानि**' એ ઉક્તિ પ્રચલિત બની છે. પરંતુ આવા વખતે મનુષ્યે મનની સમતુલા ન ગુમાવતાં ધૈર્યનો આશ્રય લેવો જોઇએ અને આવેલાં વિઘ્નને પાર કરવું જોઇએ.

જેઓ વિઘ્નોથી ડરીને સ્વીકૃત સારાં કાર્યનો ત્યાગ કરે છે, તેઓ આ જગત્‌માં અપયશના ભાગી થાય છે અને પોતાનું નામ બીકણ, બાયલા કે કાયરની પંક્તિમાં નોંધાવે છે.

શ્રી મહાવીર સ્વામીને સાધના કાલમાં કેટલા ઉપસર્ગો થયા ? કેટલા પરીષહો થયા ? છતાં તેમણે પોતાની સાધના ન છોડી તો આખરે સર્વજ્ઞ અને સર્વદર્શી થયા તથા લાખો મનુષ્યના તારણહાર બની આ જગત્‌માં પોતાનું નામ અમર કરી ગયા. અન્ય મહાપુરુષોએ પણ એ જ રીતે આવેલાં વિઘ્નોને ધૈર્યપૂર્વક ઓળંગી જઈને જ કાર્યસિદ્ધિ કરેલી છે, એટલે વિઘ્નોથી ડર્યા વિના તેને પાર કરી જવાનું ધૈર્ય રાખવું એ જ સાચો માર્ગ છે.

સફલતાનાં આ મુખ્ય સૂત્રો છે. તેનું અનુસરણ કરનાર પોતાનાં જીવનમાં જરૂર ઝગકતી ફત્તેહ મેળવશે અને પોતાનું નામ આ જગત્‌માં રોશન કરશે.

इति शम् ।

# શુદ્ધિપત્રક

## (૧) જીવનનું ધ્યેય

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૨૩ | भगवद्भिरुक्ता, | भगवद्भिरुक्ता |
| ૧૫ | ૧૬ | વદિક | વૈદિક |
| ૧૯ | ૧૯ | રાધાવેધા | રાધાવેધ |
| ૨૧ | ૫ | લટીકી | લટકી |
| ૨૨ | ૧૮ | બિંદુઓનાં | બિંદુઓના |
| ૨૩ | ૩ | ધમ રૂપી | ધર્મરૂપી |
| ૨૩ | ૯ | કહે છે | કહ્યું છે |
| ૨૪ | ૬ | त कुलं | तं कुलं |
| ૨૬ | ૧૩ | એ શબ્દનો અક્ષર | એ અક્ષરનો શબ્દ |
| ૨૯ | ૬ | ખોરૂમાંથી | ખોફમાંથી |
| ૩૫ | ૧૭ | આસ્ત | આસ્તે |
| ૩૬ | ૧૭ | किंपागफलाण | किंपागफलाणं |
| ૩૭ | ૧૨ | मरणभयहृतार्नां | मरणभयहृतानां |
| ૩૮ | ૧૭ | निपानभिव | निपानमिव |
| ૩૮ | ૧૮ | कर्माणभायान्ति | कर्माणमायान्ति |
| ૩૯ | ૩ | कान्ताराच्च्य | कान्ताराच्च |
| ૩૯ | ૩ | महाभयाच्च्य | महाभयाच्च |
| ૪૦ | ૯ | પ્રકારાને | પ્રકારનો |
| ૪૩ | ૪ | शुभस्थाने | शुभे स्थाने |
| ૪૪ | ૨૪ | गाड्ड | गाडुं |
| ” | ” | लकुडां, | लक्कुडां |

## (૨) પરમપદનાં સાધનો

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૨૧ | અવિચ્છિન્નિ | અવિચ્છિન્ન |

| | | | |
|---|---|---|---|
| | ૧૧ | સમ્યક્તમૂલ | સમ્યક્ત્વમૂલ |
| ૧૨ | ૧૪ | ભગવનૂ | ભગવન્ |
| ૧૯ | ૮ | પાચ | પાંચ |
| ૨૫ | ૧૯ | તૂટ | તૂટી |
| ૨૯ | ૧૫ | થાય થાય | થાય |
| ૨૯ | ૨૦ | सुखदु:खयाः | सुखदु:खयोः |
| ૩૨ | ૬ | કડિયા | કડિયો |
| ૩૪ | ૧૨ | હુ | હું |
| ૩૫ | ૮ | લાગ્યા | લાગ્યો |
| ૩૯ | ૨૨ | भवसमुद्द | भवसमुद्दे |
| ૪૨ | ૧૨ | મત્સ્યભદ્રક્ષણ | મત્સ્યભક્ષણ |
| ૪૪ | ૮ | મૂખમાં | મુખમાં |
| ૪૬ | ૪ | मणा | मणो |
| ૪૯ | ૪ | पातं | -पोतं |
| ૫૧ | ૧૩ | અર્ધપૂદ્ગલ- | અર્ધપુદ્ગલ |
| ૫૨ | ૩ | રહ્યા | રહ્યા |
| ૬૦ | ૯ | જ્ઞાનવિભંગ જ્ઞાન | જ્ઞાન વિભંગજ્ઞાન |
| ૬૩ | ૧૨ | મનમાં | મનનાં |

## (૩) ઇષ્ટદેવની ઉપાસના

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | જન | જૈન |
| ૧૬ | ૬ | બ્રહ્મ | બ્રહ્મ |
| ૨૩ | ૨૩ | મનઃપર્યજ્ઞાની | મનઃપર્યવજ્ઞાની |
| ૨૪ | ૧૮ | -बुद्धिबाधात | बुद्धिबोधात् |
| ૩૨ | ૬ | જન | જૈન |
| ૪૨ | ૧૪ | ધતિ-મૃતિને | ધૃતિ-મતિને |
| ૪૩ | ૮ | મુળ | મૂળ |

| | | | |
|---|---|---|---|
| ૪૯ | ૨૩ | જુનુ | જાનુ |
| ૫૦ | ૧૧ | લેકાંતિક | લોકાંતિક |
| ૬૦ | ૯ | સમ્યાગ્દર્શનરૂપ | સમ્યગ્દર્શનરૂપ |
| | | **(૪) સદ્ગુરુસેવા** | |
| ૧૨ | ૧૩ | આમ | આપ |
| | | **(૫) આદર્શ ગૃહસ્થ** | |
| ૮ | ૭ | अद्यव | अद्यैव |
| ૨૬ | ૧૬ | શુશ્રષા | શુશ્રૂષા |
| ૩૩ | ૫ | श्रावकमाहुरुत्तमाः | श्रावकमाहुरुत्तमाः |
| | | **(૬) આદર્શ સાધુ** | |
| ૧૯ | ૧૨ | યરાયેલો | કરાયેલો |
| ૨૬ | ૧૧ | દૃઢપ્રહરી | દૃઢપ્રહારી |
| ૨૬ | ૧૫ | ફરજ પેટે | કરજ પેટે |
| ૨૭ | ૧૬ | ભતક | ભૃતક |
| ૩૨ | ૭ | દીક્ષીત | દીક્ષિત |
| ૩૫ | ૧ | એલવામાંથી | ઓલવામાંથી |
| ૩૭ | ૨ | નિશ્ચત | નિશ્ચિત |
| ૩૮ | ૭ | पणाताभोजनम् | प्रणीताभोजनम् |
| ૫૯ | ૨૩ | મહાર્ષિઓએ | મહર્ષિઓએ |
| | | **(૭) નિયમો શા માટે?** | |
| ૧૦ | ૧૪ | ઉત્તિર્ણ | ઉત્તીર્ણ |
| ૧૯ | ૧ | મહર્ષિક | મહર્દ્ધિક |
| ૨૧ | ૧ | नियमाऽ | नियमोऽ |
| ૩૦ | ૧૬ | તેના આ માટે | તેના માટે |

| | | | |
|---|---|---|---|
| ૩૫ | ૨૨ | પંતુ | પરંતુ |
| ૪૨ | ૧૭ | રહ્યો હતો. | રહ્યા હતા. |
| ૫૨ | ૨ | સાઢ્ઢપોરિસી | સાઢ્ઢપોરિસી |

## (૮) તપની મહત્તા

| | | | |
|---|---|---|---|
| ૭ | ૧ | પ્રરૂપણ | પ્રરૂપણા |
| ૧૫ | ૨ | દુષ્પાપ | દુષ્પ્રાપ |
| ૧૫ | ૬ | तपामूलं | तपोमूलं |
| ૨૬ | ૧૩ | ઉદ્ધતાઇ | ઉદ્ધતાઇ |
| ૨૭ | ૧૩ | જૅન | જૈન |
| ૨૮ | ૨૧ | કોષ્ઠ બુબ્ધિલબ્ધિ | કોષ્ઠબુદ્ધિલબ્ધિ |
| ૪૧ | ૭ | જૅન | જૈન |
| ૪૧ | ૧૮ | શ્રતિ–સ્મૃતિઓમાં | શ્રુતિ–સ્મૃતિઓમાં |
| ૪૨ | ૧ | सुपात्र | सुपात्रे |
| ૪૨ | ૨૩ | તાત્પય | તાત્પર્ય |
| | ૧૭ | ादंसणिस्स | नादंसणिस्स |
| ૪૫ | ૧૪ | सम्यगद्शॅन | सम्यग्दर्शन |
| ૪૬ | ૨ | कत्स्नकर्मक्षय | कृत्स्नकर्मक्षयः |
| ૪૬ | ૧૭ | ક્યાથી | ક્રિયાથી |
| ૪૭ | ૧૦ | જૅન ધર્મ | જૈન ધર્મ |
| ૪૯ | ૩ | गुरुपास्तिः | गुरूपास्तिः |
| ૫૧ | ૨ | सजमो | संजमो |

## (૯) મંત્રસાધન

| | | | |
|---|---|---|---|
| ૭ | ૬ | જ્ઞાનાવર્ણવનાં | જ્ઞાનાર્ણવનાં |
| ૪૨ | ૧૦ | યન્ત્રો | યંત્રો |
| ૪૭ | ૧૦ | मातृकावणै | मातृकावर्णै– |

## (૧૦) યોગાભ્યાસ

| | | | |
|---|---|---|---|
| ૪ | ૩ | ક.રણો | કારણો |
| ૧૨ | ૧૯ | સ્ત્રીઓના | સ્ત્રીઓનો |
| ૨૭ | ૬ | આશ્રયદ્વારો | આસ્રવદ્વારો |
| ૩૦ | ૧૫ | દ્વેષપ્રત્યયિકકી | દ્વેષપ્રત્યયિકી |
| ૩૩ | ૪ | યાગાભ્યાસ | યોગાભ્યાસ |
| ૩૩ | ૧૨ | અનકૂલ | અનુકૂલ |
| ૪૨ | ૨૦ | જન | જૈન |
| ૪૮ | ૧૦ | વિશુદ્ધ | વિશુદ્ધિ |
| ૫૭ | ૧૨ | દુર્લભતા | દુર્લભતાનું |
| ૫૭ | ૧૩ | આતિ | અતિ |
| ૫૮ | ૧૩ | મશં | મૃશં |

## (૧૧) વિશ્વશાંતિ

| | | | |
|---|---|---|---|
| ૭ | ૯ | લોકમા | લોકમાં |
| ૭ | ૧૫ | વતુલની | વર્તુલની |
| ૧૪ | ૧૯ | મહત્ત્વાક્રાંક્ષા | મહત્ત્વાકાંક્ષા |
| ૩૨ | ૩ | રહ્યા | રહ્યો |

## (૧૨) સફળતાનાં સૂત્રો

| | | | |
|---|---|---|---|
| ૧૮ | ૩ | પછા | પછી |
| ૨૩ | ૧૦ | શ્રસિદ્ધ | પ્રસિદ્ધ |
| ૩૬ | ૨૨ | —— | 'આવું અવિચારી કામ કેમ કર્યું !' ત્યારે જમનાદાસે કહ્યું કે |

| | | | |
|---|---|---|---|
| ૪૫ | ૧૫ | પસા | પૈસા |
| ૬૧ | ૯ | પસાનું | પૈસાનું |

માનસિક શક્તિઓના વિકાસ માટે
અમારી સાથે પત્રવ્યવહાર કરો.

શ. પં. ધીરજલાલ ટોકરશી શાહ

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર,
મુંબઈ – ૯

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budhisurma" Bombay

## અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને
## ✻ સમયસરની સૂચના ✻

**જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી**

**મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ**

# દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

## —: નકલી સુરમાઓથી સાવધાન રહો :—

**— સમયસરની ચેતવણી —**

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઇ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

**સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧**

**—: અમારૂં એક જ ઠેકાણું :—**

## જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

### પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★
લધાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.